શ્રી પાર્શ્વનાથજીનો વીવાહલો.

તથા.

દીવાલી કલ્પ સ્તવન.

છપાવી પ્રસીદ્ધ કરનાર,

મોહનલાલ સુરજમલ પાટણવાળા.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસ.

ઠે. સલાપોસના દરવાજે.

સને ૧૮૯૯. સંવત ૧૯૫૫.

૬૯૯૦

श्री
पार्श्वनाथनो विवाहलो.

સ્વસ્તિશ્રી દાયક સદા, પાસ પ્રભુ જિનચંદ; પ્રણમું પદ યુગ તેહના, જગ જન નયણાનંદ. ૧ અશ્વસેન કુળ દિનમણિ, વામા રાણી નંદ; ગાશું તસ વિવાહલો, મંગળ રૂપ અમંદ. ૨ વર્દ્ધમાન સૂરીશ્વરે, આચારદિનકર ગ્રંથ; રચિયો તસ અનુસારથી, રચશું ઇહાં પ્રબંધ. ૩ શારદ શારદ દયા કરી, દેજે વચન વિલાસ; તુજ પસાએ માહરી, સફળ ફળે સહુ આશ. ૪ આઠ ભેદ વિવાહના, શાસ્ત્રે ભાંખ્યા જેહ; નામમાત્રથી વર્ણવું, તે સુણજો સસનેહ. ૫

॥ ढाल १ ली. ॥

(ચંદ્રાવળાની દેશી)

બ્રહ્મ વિવાહ પહેલો કહ્યોરે, બ્રાહ્મણને હોય તેહ; મંત્રદાન પૂર્વક પિતારે, પરણાવે ધરી નેહ; પરણાવે ધરિ નેહ તે કન્યાએ, બ્રહ્મ વિવાહ રૂપે લોએ લહીએ; બીજો વિવાહ પ્રજાપત્ય નામ, જેહથી ચાલે જગતનું કામ; જય જય પાસ કુમાર. ૧ આર્ષ વિવાહ ત્રીજો ભણ્યોરે, વનવાસીને હોય; ગાય દાન દેઈ

દીકરીરે, પરણાવે ઋષિ લોય; પરણાવે ઋષિલોય તે જાણો, ઋત્વ જ નામે ચોથો મન આણો; સર્વ જાત ધન દક્ષણા દેઇ, પરણાવે પુત્ર સુખ સેઇ; જય૦ ૨ વરકન્યા રાજા પરણેરે, વિચે કોઇનું નહી કામ; તે ગાંધર્વ વિવાહ કહ્યોરે, છાની પરણે વામ; છાની પરણે વામ તે ભાંખ્યો, પંચમ વિવાહ તે અભિલાષો; છઠ્ઠો અસુર છે વિવાહ, પણબંધે પરણે જે નાહ; જય૦ ૩ જોરાવરીથી પરણવુંરે, રાક્ષસ વિવાહ એહ; સાતમો જાણો એ આઠમોરે, પૈશાચિક છે તેહ; પૈશાચિક છે તેહનું કારણ, પિતુ ઘરથી કરે કન્યાહરણ; ઇમ કરીને જે કન્યા પરણે, પૈશાચિક એમ શાસ્ત્ર વરણે; જય૦ ૪ પહેલા ચાર વિવાહ તે રે, ધર્મ મારગના ભાંખ્યા; પાછલા ચાર અધર્મનારે, વેદ માંહે એમ આખ્યા; વેદ માંહે એમ આખ્યા જેહમાં, પ્રજાપ્રત્ય વિવાહ છે તેહમાં; આદરો ચારે વર્ણ ઉમંગે, તેહ વિધ હમણાં સહુ કરે રંગે; જય૦ ૫

દોહા.

પાસ કુમર ભગવંતનો, ભાંખું હવે વિવાહ; પ્રજાપત્ય ભેરે કરી, સુણજો ધરિ ઉચ્છાહ. ૧

॥ ઢાલ ૨ જી. ॥

(આદિત્ય કહે માનવીને, આદીશ્વરને ધ્યાવ્યોજી. એ દેશી.

કાશીદેશ વાણારશી નગરી, અનોપમ અદ્ભુત દીપેજી; સુંદર મંદિર પોળ પગારે, અમરપુરીને જીપેજી; વામા રાણી તસ પટરાણી, ગુણ ખાણી જગ ગાજેજી. ૧ ચૌદ સુપન સૂચિત તસ નંદન, આનંદન અવતારજી; શુભ લક્ષણ લક્ષિત જસ દેહી, નામે પાસકુમારજી; જગજીવન જવ જોવન પામ્યા, નવ કર કાયા માનજી; રૂપે સુંદર વિજિ પુરંદર, લાંછમાં લીલા ધામજી; ૨ નયર કુશસ્થળ કેરો રાજા, પ્રસેનજિત તસ નામજી; તેહનો દૂત સભામાં આવી, વચન વદે અભિમાનજી; પ્રભાવતી અમ નૃપની પુત્રી, લવણિમ લીલા ધામજી; જોવન આવી રૂપે ફાવી, અંગે ઉપન્યો કામજી. ૩ સુરરમણિના મુખથી એક દિન, તસ સુતની ગુણમાળાજી; સાંભળીને બાળા સુકુમાળા, મદન વહે અસરાળાજી; તાતે જાણી કુમરને દીધા, એણે અવસર એક ભૂપજી; દેશ કુલંગતણો જે સ્વામી, આવ્યો અભિનવ રૂપેજી. ૪ નયરી રૂંધી પડીયો બાહીર, કન્યા હરવા હેતેજી; તુમ પાસે મુજને મોકલીયો, તે વારણ સંકેતેજી; ચટતો ભૂપતિ વારે પ્રભુજી, ચઢીયા ફોજ જમાવેજી; દૂત મોકલીને સમજાવ્યો, નમીયો પ્રભુ પદ આવીજી. ૫ આજ્ઞા માગી પાછો વળીયો, હવે પ્રસેનજિત રાયજી; પ્રભાવતી પુત્રી યુત આવી, પ્રણમે પ્રભુના પા-

યજી; તે સંજિત નિજ નયરે આવ્યા, જીત નિશાન બજાયા જી; અતિ આગ્રહથી બેહુ નરપતિએ, પ્રભુને બહુ સમજા-યાજી. ૬ ભોમવીતી જાણીને જિનજી, વિવાહ વાત પ્રમા-ણીજી; જોડી સગાઇ શુભ દિન જોઇ, મનમાં ઉલટ આણીજી; શ્રીફળ સોપારીને ઉપવિત, દધિ દૂર્વાદિક દીધાંજી; વેદમંત્રથી કુળ આચારે, કારજ સઘળાં કીધાંજી. ૭ કન્યા પક્ષના સહુ લોકોને, તાંબૂળાદિક આપેજી; તિમરર પક્ષી સર્વ જનને, અન્યો અન્ય થાપેજી; સામા સામા જોવા તેડયા, વર વહુને તિહાં કરતાજી; વસ્ત્રાભરણ ગંધ બહુ માને, વિત્ત ઘણું વા-વરતાજી. ૮ વસંત ચઢાવવાની બહુ કરણી, લોકમાંહી પર-સિદ્ધીજી; જોશી તેડી લગ્ન મંડાવ્યાં, લગ્નપત્રિકા લીધીજી; જ્ઞાતિ ગોત્ર સગા સંબંધી, શેઠ પ્રમુખને તેડ્યાજી; ચૂઆ ચં-દન અત્તર અરગજા, શુદ્ધાં અંગ લગાયાજી. ૯ શ્રીફળ સો-પારી પુરજનને, અતિ આદર કરિ આપ્યાંજી; ઇમ વરકન્યા કરી સગાઈ, મંગળ કારજ થાપ્યાંજી; મંગળ રૂપે ધવળ ગ-વાતે, ઝવેરા વવરાવેજી; સોળમાત્રિકા કન્યા ઘરમાં, થાપી વિઘ્ન સમાવેજી. ૧૦ સાતે કુળગર સોવનપાટે, થાપ્યા વરને ગેહેજી; મંત્ર ઉપચારી અષ્ટ પ્રકારી, પૂજા અતિ સસનેહેજી; એ વિધાન જિનમતમાં બોલ્યું, આચારદિનકર સાખીજી;

સમકિતમાં દૂષણ નવિ લાગે, નવિ ચાલે તે પાપીજી. ૧૧ મિથ્યામતમાં ગણપતિ થાપન, કરતાં મંગળ માળજી; કામદેવની મૂરતિ થાપો, જિનમતની નહી વાણીજી; તે દિનથી વરઘો હવે ચાલી, સ્વજન સહુ મિળી આવેજી; અમૃત સરસાં મીઠાં ભોજન, રંગે નૃપ લેવરાવેજી. ૧૨

॥ ढाल ३ जी. ॥

(આદિ જિનેસર વિનતિ હમારી, એ દેશી.)

બેહુ ઠામે વિવાહના હવે, ઘણા મહોચ્છવ થાએજી; વડી વડારણ મૂહે વડિયો, પાપડ ઘણા વણાએજી. ૧ પેંડા બેડા વિવિધ જાતનાં, બહુ પકવાન તલાયજી; મંગળ ધવળ દિયે સોહાસણ, ઉલટ અંગે ન માયજી. ૨ દરજી શીવે નવનવા વાધા, ઘાટ ઘડે સોનારજી; જડતા પચરંગી મણિ માણેક, જડીયા બેઠા બારજી. ૩ સોહમ સુરપતિ ઓચ્છવ કરવા, આવ્યા અવધે જાણીજી; પ્રભુજીના પદપંકજ પ્રણમતો, સાથે લઇ ઇંદ્રાણીજી. ૪ તું પુરૂષોત્તમ જગજન પાવન, પૂર્ણાનંદ વિલાસીજી; તું અવિનાશી ભવજીત કાશી, મુકુરાનંદન આભાસીજી. ૫ ભોગકર્મ જાણીને સ્વામી, વાત તુમે એ પ્રમાણીજી; ગુણખાણી એ પ્રભાવતી રાણી, તુમ ગુણ રંગે

રંગાણીજી. ૬ વિવાહ ઓચ્છવ કરવા કારણ, હું આવ્યો છું આજજી; તુમ દરિસન દીઠેથી માહરાં, સિધ્યાં સઘળાં કાજજી. ૭ ઇમ કહી પ્રણમી પ્રભુના કરમાં, આપે શ્રીફળ જોડીજી; મુકુટ કુંડળ ભૂષણ વસનાદિક, આપી નામે કરજોડીજી. ૮ મંડપ મુહૂરત કીધું રંગે, મંગળ ગીત ગવાઈજી; મંડપની રચના રચવાને, ભૂપે કીધ સજાઈજી. ૯

દોહા.

સામગ્રી મંડપતણી, મેળે ભૂપતિ જામ; ઇણ અવસર સોહમપતિ, વિનવે નૃપને આમ. ૧

॥ઢાલ ૪ થી.॥

(સૂરતિ મહિનાની દેશી)

સોહમપતિ અવનીશને, જંપે જોડી હાથ; તુજ સુતના કિંકર સમો, એજ અમારો નાથ; વિવાહ જાણી આવીયો, અણતેડયો હું આજ; ફરમાવો મુજને તુમે, જે અમ સરિખું કાજ. ૧ ત્રિભુવનપતિ વિવાહનું કરણી, મ્હોટું તે કરશું કામ. અમે ઈહાં લેશું લાહો એહ, તુમે નિશ્ચિંતપણે રહો; એમ કહી કરે આદેશ, ધનદ પ્રત્યે કહે; અનોપમ મંડપ કરો શુભ વેસ. ૨ વળિ અશ્વસેન મહિપતિનો, રયણે ભરો ભંડાર; તિમ પ્રસેનજિત રાયનો, એ અમ આણા સાર; ઈ-

દ્રાણી કહે ઇંદ્રને, લેશું કન્યા કામ; કરશું ભવ સફળો અમે, એ અવધારો સ્વામ. ૩ આ શું અમારે એવડું, પૂરવ પુણ્યનો યોગ; ભુવનપતિ વિવાહનો, ઉત્સવનો ઉપભોગ; સુરગતિમાં વિવાહની, કરણી નથી મહારાય; નરભવનો એ ઓરતો, આદરશું અમે આજ. ૪ અમચા નાથના હાથમાં, દેશું કન્યાદાન; ફરિ ફરિ અવસર એહવો, નહિ આવે એ પ્રધાન; હર્ષ નહી વિવાહ સમો, સ્ત્રીજનને સુવિશેષ; તે માટે હે સાહિબા, આપો તુમે આદેશ. ૫ હસતો ઇંદ્ર કહે તુમે, સાચું બોલ્યાં સૂક્ત; કન્યા કામ કરો જઇ, પૂરો મનની ઉક્ત; ઇંદ્રાણી આવ્યાં તિહાં, પ્રસેનજિતને ગેહ; શ્રીફળ કન્યા હાથમાં, આપે ધરિને નેહ. ૬ પ્રભાવતિ લાડી તણા, પૂરે મનના કોડ; સુરસુંદરિ વહુ જેહથી, સેવે હોડા હોડ; ભુવનપતિ વૈમાનિક, વ્યંતરના હવે ઇંદ્ર; સબર થઇ તિમ આવીને, નમે પ્રભુ પદ અરવિંદ. ૭ સૂર્ય આવે આવે ચંદ્રમા, ભૂચર ખેચર વૃંદ; સહજ સંકીર્ણ તિહાં થયો, વર્ત્યો અમંદ આનંદ; ઇંદ્ર હુકમથી દેવતા, પૂરે દ્રવ્ય અપાર; મંડપ રચે હવે રંગથી, તેહ ભાખું અધિકાર. ૮

દોહા.

ધનદ ભંડારી ઇંદ્રનો, રત્ન પુદ્ગળ લેઈ સાર; ઉત્તરવૈક્રિય પરિણુમી, મંડપ રચે મનોહાર. ૧

॥ ઢાલ ૫ મી. ॥

(કહોજી બ્રાહ્મણ કિહાંથીરે આવ્યા, કાગળિયા તે શાનારે લાવ્યા. એ દેશી)

કરે મંડપ રચવા વારૂ, નવા ખંડે રચ્યોરે દિદારૂ; ખંડે ખંડે નવ નવા રંગ, મણિમય ચિત્રામ અભંગ. ૧ પાવડિયાં તે બાંધ્યાં છે લગતાં, કંચનમય ચિહુ દિશે ઝગતાં; ઇંદ્રનીલ મણિનુ તળિયું, માનું જલદ જળે આવી મળિયું. ૨ તે ઉપર રયણના થંભ, પૂતળી કરે નાટારંભ; સ્ફાટિકની ભીંત વિરાજે, પ્રતિબિંબ તે બેઠાં સમાજે. ૩ મોતીની ગૂંથીછે જાળી, જન જોવે નયણે નિહાળી; ચોબારો મંડપ સોહે, જોતાં સુર નરનાં મન મોહે. ૪ તિહાં નીલરત્નમય પાન, તોરણ બાંધ્યાં છે પ્રધાન; મણિરયણનાં ઝૂમખાં ઝૂમે, નિરખંતાં લોચન ધૂમે. ૫ શોભે ચંદ્રોદય નવરંગી, ચિત્રકારી વિચિત્ર અભંગી; ફૂઆરા ય જળ ઉછળતા, જોવા બહુ લોક તે મળતા. ૬ એહવી મંડપની જે શોભા, નિરખેને રહે થિર થોભ્યા; અહો રાત્રીએ મંડપ રચિયો, મણિકંચણ રયણે પચિયો. ૭ તેમ પ્રસેનજિતને ગેહ, મંડપ રચિયો સસનેહ; ઇંદ્રાણીએ મંડપ કીધો, માનું બિહું જણે વાદ એ લીધો. હવે મહોચ્છવનું મંડાણ, કરે અશ્વસેન મહિરાણ; તાલ ચર

ભાડ નાટકિયા, નિત ખેલ કરે તિહાં મળિયા. ૯ જન જોવાને સહુ આવે, મનમાં બહુ આનંદ પાવે, કૃષ્ણાગરૂ ધૂપ રચાવે, જળ ફૂલોપરિ સિંચાવે. ૧૦ ઘર ઘર તોરણ બંધાવે, કુંકુમ હાથા દેવરાવે; પુરજનને હર્ષ ન માવે, નારી ધવળ મંગળને ગાવે. ૧૧ ત્રિક ચાચર મંચર આવે, નિત નાટક નવ નવ થાવે; ઘણા છંદે વાજાં વાજે, તિણે નાદે અંબર ગાજે. ૧૨ અમારિ પડહ વજડાવે, તિહાં અભયદાન દેવરાવે; ભોજનની ભક્તિ બનાવે, બંદીજન બિરૂદ સુણાવે. ૧૩ ઈમ દ્રવ્ય મંગળ ઉપચાર, સાચવ્યા સહુ કુળાચાર; હવે પીઠીનો વ્યવહાર, કરે રંગે બહુ વસુધાર. ૧૪

દોહા.

શાંતિ પૌષ્ટિક કર્મનાં, વાડવ કરે વિધાન; વરઘરને કન્યા ઘરે, માતૃક પૂજા દાન. ૧

॥ ઢાળ ૬ ઠ્ઠી. ॥

(માડી મહી વેચવા કેમ જઈએરે, એ દેશી.)

સાત નવ ને અગીઆરમી વરઘેરે, અથવા વળિ તેરમી વરઘેરે; વર વહુને તિહાં હુલરાવેરે, તૈલાભિષેક કરાવેરે. ૧ નિજ નિજ મંડપ બેસારીરે, મળી કુળવૃદ્ધા બહુ નારીરે; વર ઘરથી તૈલને ધાન્યરે, કન્યા ઘર લાવે સગાનરે. ૨ તિમ વધુ

ઘરથી વર ગેહેરે, તૈલ્ય ધાન્ય લાવે સસનેહેરે; તેને પકવાન તાંબુળ આપેરે; ઇમ કુળ આચારને થાપેરે. ૩ કેઇ મૃતિકા લાવે અમૂલ્યરે, લાવે ત્રિક ચાચરની ધૂળરે; કંઇ લાવે નવાણનાં પાણીરે, કુળ કુળની એ રીતે પ્રમાણીરે. ૪ હવે વાને ઘાલી કુમારીરે, પીઠી ચોળે કુમરીને ઇંદ્રાણીરે; તવ ગાન કરે સુરબાળારે, તિમ કુળબાળા સુકુમાળારે. ૫ બે ચાર નિકાયની દેવીરે, પીઠી લેઇ પ્રભુ પદ સેવીરે; અન્યો અન્યે હસતી બોલેરે, વરને પીઠી સહુ ચોળેરે. ૬ ઈશાનેંદ્રની ઈંદ્રાણીરે, તિમ ચમરેંદ્રની ધણિયાણીરે; વ્યંતર શશિ સુરની ઘરણીરે, પીઠી ચોળે પ્રભુપદ વરણીરે. ૭ એમ અનુક્રમે દેવીઓ આવેરે, પીઠી ચોળેને ગીત તે ગાવેરે; પછી કુળવૃદ્ધા મળી નારીરે, આભૂષણ અંગ સમારીરે ૮ આવે પીઠી ચોળવા કાજેરે, સૌગંધિક દ્રવ્ય સમાજેરે; પહેલી પીઠી ચોળે પીતરાણીરે, પછી આવે તિહાં મોસાણીરે. ૯ આરંભ કરણી કરે કાકીરે, મામી હળફળ કરતાં થાકીરે; માશી લાડકા લાડુ લાવેરે, પ્રભુને આપે તે પસ્તાવેરે. ૧૦ પગ ધોવે તે વરની ભાભીરે, જાણે જિનસેવામેં લાભીરે; કોઇ આવીને લૂછણાં લેતીરે, વામારાણીને ઈમ કહેતીરે. ૧૧ ભાભી બેસી રહ્યાં શું ખૂણેરે, બહુ કંચન ઘાલોનિ ગૂણેરે; ૧૨ શ્રીફળ સોપારીને પાનરે,

તેથી સહુને કરો સનમાનરે; માથે આવ્યો છે સૂરરે, ભોજ-નનું થાએ અસૂરરે. ૧૩ કહે રાણી નણદી હું જાણુરે, જે છે વિવાહનું ટાણું રે; તે કારણ ઘરમાં પેઠીરે, નથી કામ વિના હું તો બેઠીરે. ૧૪ ઈમ કહેતી ઘરમાંથી આવેરે, સોનૈયા ફ-ળ વહેંચાવેરે; સહુને માન દેઇ દેઈ આવેરે, મીઠે વચને આલાપેરે. ૧૫ ઈમ વર વહુ પીઠી ચોળાવેરે, પછી ભોજન ભક્તિ બનાવેરે; પછી નિત નિત પીઠી ચોળાવેરે, માનિની મનરંગે ગાવેરે. ૧૬

દોહા.

ઈમ નિત નિત ઓચ્છવ કરે, લગન સમે હવે રાય; કલુઓ આણ્યો સાસુએ, આરોગે વરરાય. ૧

॥ ઢાળ ૭ મી. ॥

(થાયની દેશી.)

શુભ તીરથ ઉદકે, કુમરીને નવરાવે; વર ચિવર મણીનો, અલંકાર પહેરાવે, પાએ નેઉર અણવટ, બિછુંઆં કલ્લાંને કાંબી; કટિમેખલા કેડે, ઘૂઘરી ઘમકે લાંબી. ૧ બાજુબંધ બેરખા, ચુડલો કંકણ હાથે; તિમ ચંદનચૂડી, વીંટી વેઢ સંગાથે. ૨ તૂશી તનમનિયું, કંઠે માદળિયાં સોહે; હાર ચંદન નવસર, ચમકલિએ મન મોહે. ૨ મુક્તાફળ માળા,

કંઠે ઝૂમણાં ઘાલે; ઇમ કંઠાભૂષણ, ઇંદ્રાણિ વળિ આલે; નાકે નથફૂલી, ઝૂલી અધરે આય; કાને રવિમંડળ, સમ કુંડળ પહેરાય. ૩ વળિ ફૂલ અંકોટી, ઘૂઘર પાનડી રાજે; ઈમ કરણાભૂષણ, અમરી ઘાલે સમાજે; વછચદ પદામે, શિર અંબોડો વાળે; શિશ ફૂલ તે સોહે, વદને પાનન લાટે. ૪ શિર ટીકો નીકો, જડિત જુએ સહુ લોક; કરી તિલક કંકુનું, ઉપર ચોઢયા ચોખા; આંજી આંખડલી, તિલક કર્યું વળિ ગાલે; પહેર્યું પાનેતર, કંચુક ઉજવળ આલે. ૫ અમરી ઇંદ્રાણીએ, ઇમ કન્યા શણગારી; વરને શણગારે, કુળવૃદ્ધા મળિ નારી; તવ સોહમઇંદ્રા, ઔષધિ જળને અણાવે; સિંહાસન થાપી, વિધિએ ન્હવણ કરાવે. ૬ પહેરાવે ચીવર, અલંકાર ધરાવે; મણિરયણે જડિયો, માથે ખૂંપ બંધાવે; ખુંપે ખીટલીયો, મોગરા ફિરતા દીપે; માંહે માણેક જડિયાં, તેજે તરણી જીપે ૭ ચળકંતા હીરા, મુક્તાફળની ઝાળી; સાસૂને ચેહરે, પુરજન હરખે નિહાળે; કરી તિલક કંકુનું, ચોખા સાઠે માતા; આંજી આંખડલી, મુખ તંબોળ સુહાતા. ૮ પાન શ્રીફળ નાણું, હાથ ધરી વરરાય; પગ પીલી ચઢિયા, ગજ ખંધે જિનરાય; કુળ બહેન કુમારી, પાછળ લૂણ ઉતારે; સાજન મનરંગે, મળિયા ભૂપતિદ્વારે. ૯

દોહા.

દ્વારે સહુ આવી મળ્યાં, સુર નરનો નહિ પાર; અમરી કુળ નારી મળી, હરની વામા નાર. ૧ નયરી શણગારી નૃપે, દેવપુરી સમ થાય; પુરજન જોવા ઉલ્લસ્યું, હિયડે હર્ષ ન માય. ૨

॥ ઢાલ ૮ મી. ॥

(જીરે થોડાં તિહાંથી ડગ ભરો, ઘોડી પાછળ ચમર વિંજાય; જાદવજીની ઘોડલી એ દેશી)

જીહો વરઘોડે વર સંચર્યા, બિહું પાસે ચામર વિંઝાય; જાદવજીની ઘોડલી; જીરે છત્ર ધરે સુરવર તદા, ચમરેંદ્ર તે વેંજણો વાય; જીયા વરની ઘોડલી. ૧ જીરે સોવન સાજે સોહતા, હય ગય રથ પાયક કોડ. જી૦ જીરે દેવ દેવી નર નારીઓ, ચાલે હરખે હોડા હોડ. જી૦ ૨ જીરે દેવકુમર સમ દીપતા, ચાલે છાળેલા શ્રીકાર. જી૦ જીરે નવ નવ આડંબર કરી, જોતાં સહુને ઉપજે પ્યાર. જી૦ ૩ જીરે કેઇ બેઠા સુખપાળમાં, કેઇ રાજવાહન ચકડોળ. જી૦ જીરે હય· વર ગયવર રથવરે, ઇમ કુળ સુત કરતા કલોલ. જી૦ ૪ જીરે સુરવરનાં સાજન મળ્યાં, કરી વસ્ત્રાભરણના ઠાઠ. જી૦ જીરે મુખ તંબોળે પૂરીયાં, સુણે બિરૂદ જે બોલે ભાટ. જી૦

૫ જીરે અત્તરદાનીયો ગુલાબની, છાંટે માંહેમાંહે ધરી નેહ. જી૦ જીરે ગજરા ધાલ્યા ફૂલના, ચૂઆ ચંદન અગર ચેહ. જી૦ ૬ જીરે અબિર ગુલાલ ઉડાડતા, છાંટે કેસર મૃગમદ બાર; જીરે ધૂપઘટી બહુ મહમહે, નાચે નાટક અમરિયો સાર. જી૦ ૭ જીરે અષ્ટમંગળ આગમ વહે, અસિ કુંત ફલક ધ્વજ સાર; જીરે વર્દ્ધમાન પુરૂષો વહે, હાસ્યકાર ચાટ રતિકાર. જી૦ જીરે સુર ગંધર્વ મણિ ઘણા, વાય સુરમંડળ ડફ બીન. જી૦ જીરે મુરજ માદળ ધોંકારથી, ગાજે મધુરે ઇખરે લીન જી૦ ૮ જીરે ઢોલ નોબતો ગડગડે, તેહમાં વિચવિચ વાજે ટકોર; જી૦ જીરે તાલ છંદના માનથી, પડે એમ નગારાની ધોંશ. જી૦ ૧૦ જીરે વાજતી ભૂંગળ ભેરીયો, વીણા વાંસળી ઇવક નિશાન. જી૦ જીરે ચહચહતી શરણાઇયો, ફિરે ચિહું દિશિ કરતી ગાન જી૦ ૧૧ જીરે વામાએ મોહ બાંધીયો, લેઈ નામણદીવો હાથ. જી૦ જીરે ઇંદ્રાણી જુશ રથ ચઢે, તિમ કુળવતિ નારીનો સાથ. જી૦ ૧૨ જીરે સરળે સાદે સોહેલા, ગાય ઉલટ આણી અંગ. જી૦ જીરે જાનડિયો વળિ પાછળે, પહેર્યા નવલા વેશ સુરંગ. જી૦ ૧૩ જીરે નગર નારીયો બારિયે, છજે ગોખ અટારીએ આય. જી૦ જીરે વાજિંત્ર નાદ તે સાંભળી, અતિ તન મન વ્યાકુળ થાય. જી૦ ૧૪ જીરે

સીમંત વહાલા એ ઘણું, કલિ કાજળને સિંદૂર. જી૦ જીરે વળિ વિશેષે વાલહાં, કાંઇ દૂધ જમાઇક તૂર. જી૦ ૧૫ જીરે વાજાં ગાજાં સાંભળી, આવે અર્ધ તિલક કરી એક. જી૦ જીરે એક આંખ આંજી કરી, જોવા ચાલે કેઇ અવિવેક. જી૦ ૧૬ જીરે ઢળતા ઘીના ગાડુઆ, મૂકીને જોવા જાય; જીરે પિરસતી બાળ રમાડતી, સખી બાળક લેઈ પલાય. જી૦ ૧૭ જીરે અવળી કંચુકી પહેરતી, કેઈ અર્ધ સ્તનથી બાળ. જી૦ જીરે ચંદન પગે ચરચતી, કેઈ અળતો લગાવતી ભાલ. જી૦ ૧૮ જીરે ઓઢણું અવળું ઓઢતી, કટિમેખલા ઘાલતી કંઠ. જી૦ જીરે હાથે ઝાંઝર પહેરતી, પગે કંકણ ઘાલે ઉ-લ્લંઠ. જી૦ ૧૯ જીરે પુરવધુ ઈમ ઓચ્છવ જુએ, મનમાં આનંદ ન માય. જી૦ જીરે મોતી સોવન ફૂલડે, વધાવતી પ્રભુના ગુણ ગાય. જી૦ ૨૦ જીરે પુરજન ઠાઠ મળિ જુએ, દોડીને ચોક બજાર. જી૦ જીરે પ્રભુ આવી ઉભા રહ્યા, ફર-તાં મંડપ તોરણ દ્વાર. જી૦ ૨૧ જીરે સાળાએ પાણી છંટા-મણી, માગ્યું ત્યારે ભૂષણ દિયે ભૂપ. જી૦ જીરે ઇંદ્ર કહે વેવાણને, પુંખો પ્રભુને હવે ધરી ચૂંપ. જી૦ ૨૨ જીરે ઉઠોને આળસુ શું થયાં, કરો આનંદ રંગ અપાર. જી૦ જીરે એહ વચન સુણી કરી, આવે પ્રસેનજિતની નાર. જી૦ ૨૩.

દોહા.

સુરવધુ ગાન કરે તિહાં, તિમ કુળધરની નાર; ઉઠોને વેવાણુ આળસુ, આળસ ઉંઘ નિવાર. ૧

॥ ढाल १ मी. ॥

(વેવાણુ લેજેરે સોપારી, ત્હારે આંગણે આવ્યો વેપારી. એ દેશી.)

વેવાણ ઉઠ તું વહેલી ઉંઘ તજી, વર આવ્યો એ તોરણ સાજ સજી; સવાલાખ નગારાંની ધૂંશ પડી, પુંખવાની જાય છે એહ ઘડી. ૧ કોઇ જાણ કરોરે પિછાણ કરો, તુમે પગલાં આવી બહાર ધરો; અમને ઉભાં ઘણી વાર થઇ, વેવાણને ખબર કરો કોઇ જઇ. ૨ વેવાણ તું લેજેરે લાહો ઘણો, ત્હારે બારણે અવસર વિવાહતણો; વેવાણ લેજેરે તું સોપારી, ત્હારે આંગણે આવ્યો છે અવતારી. ૩ વેવાણ તુ લેજેરે કંકુપડો, એ તો આવ્યો વામાદેવી લાડકલો; વેવાણ લેજેરે અર્ઘતણી થાળી, એ વર વરશે ત્હારી બાળી. ૪ વેવાણ લેજેરે કંકાવટી, પુત્રી પરખવા આવ્યો એ નાણાવટી. ૫ વેવાણ લેજેરે મુગતા થાળ ભરી, એવો અવસર નહી આવે ફરી ફરી; શું પેઠી છે ઘરને ખૂણે, કંચનમણિ ઘાટા ગણું ઘૂણે ૬ આ અવસર કિમ તુ થઇ થાંથી, તુજ આંગણે ત્રિભોવનપતિ

ક્યાંથી; દેવને દરશન દુર્લભ જેહનું, સહજે મિળતું થાય છે તેહનું. ૭ સહુ ઇંદ્ર કરે જેહની સેવા, એહનું દરિસનજી મીઠા મેવા; ઉઠ ઉઠ તું વહેલી આવ વળી, શા કામમાં જઇને હમણાં ભળી. ૮ ઇંદ્રે ભંડાર ઘણો ભરીયો, મણિકંચને કરી જેહવો દરીયો; વળી જોઇએ તે માગી લેજે, તારાનુ પક્ષતો સહુને દીજે. વેવાઈની મામ રખે ખોતી, આડું અવળું શું કરે જોતી; ઇંદ્રાણીએ ભીર કરી ત્હારી, તેણે વાત બની આવી ભારી. ૧૦ નહિ તો જાણુત દીકરી દીધી હતી, શોભારે હશે ઇંદ્રાણિવતી; ઉઠ ... વેળા થઇ છે ઘણી, ત્હારે મંદિર આવ્યો ત્રિજગ ધણી ૧૧ તવ સાંભળી કહે માસી સાસૂ, એમ ખોટી થાઓછો શું ફાંસૂ; વિવાહનાં કારજ બ્હોળાં, પારકે ઘેર દીસો છો પહોળાં. ૧૨ એમ મ્હોટા બોલ ન બોલ બહુ, પડે કારજ ત્યારે જણાય સહુ; પરઘરની વાતો છે સોહલી, માથે પડી વહેલી દોહલી. ૧૩ એમ હાંસીએ વેવાણને વરણી, હવે આવે પ્રસેનજિતની ઘરણી; ઇંદ્રાણી સમ શણગાર ધરી, મણિ મુક્તાફળનો થાળ ભરી. ૧૪ ગજરાજની ચાલે ચાલતી, શ્રીફળ સોનૈયાને આલતી; ઇંદ્રાણિયો મંગળ ગાવતી, ઇમ સાસુ પ્રભૂપદ પાવતી ૧૫

॥ ढाल १० मी. ॥

(નારંગસર રળિયામણારે, એ દેશી.)

સાસુ આવી પ્રણમે પ્રભુ ચરણે, મુખથી કહે કોણ તુમ ગુણ વરણે; દીઠા તેડવા સાંભળ્યા કરણે તો, આભરણે અંગ દીપતું એ. ૧ પુણ્ય અમારાં પ્રગટયાં છે આજ, તુમ દરિસનથી સર્યાં સહુ કાજ; જાણીએ પામ્યા ત્રિભુવનરાજ તો; આજ આવ્યું અમ પુણ્યનું એ. ૨ દિશિકુમરીએ મળી હુલરાયા, સુરપતિયે અભિષેક કરાયા; જગ જનના સંતાપ સમાવ્યા તો, આવ્યા તે મુજ આંગણેએ. ૩ ઈમ કહી દૂધે ચરણ પખાળે, તિલક કંકુનું કરે વર ભાલે તો; ત્રિભુવન જન સહુ પ્રભુને નિહાળે તો, ગાળે પાતિક આપણાં એ ૪ હરખતી મ્હોટે મોતીડે વધાવે, આરતિ ઉતારીને હરખ દીખાવે; પૂંખવા ઉપગરણ મંગાવેતો, લાવે પુરોહિત વેગશૂં એ. ૫ ધૂંસળ મૂસળ રવૈયો ત્રાક, સરૈયા ચાર કરી ચક ચાક; ભાલે પૂંખતી કરી મન પાક તો, નાક સાહે વર નિરખી એ. ૬ ઇંડી પીડીએ ઉવારણું કરતી, અગનિ વલણનો સંપુટ ધરતી; વરને વામપદે અનુસરતી તો; ધરતીએ તે મૂક્તી એ. ૭

॥ ढाल ११ मी. ॥

(વાજાં એ વાજે ધરમનાં, એ દેશી.)

જીરે ઇંદ્ર પુછે એ વેવાણનેરે, જીરે શું કરી કરણી તુમે

એહ; વરને કેમ પુંખીયા એ, જીરે અમે તેહમાં સમજ્યા નહીરે; જીરે કારણ દાખવો તેહ; વરને કેમ પુંખીયા એ. ૧ એ આંકણી; જીરે પહેલું તે ધૂંસરૂં આદર્યુંરે, જીરે ધૂંસરૂં ગાડલે હોય; ધૂંસરે કેમ પૂં૦, જીરે ધાન ઉપજે ઘણું છેહ-થી રે; જીરે મંગળ રૂપી તે જોય. ૨ ધુંસરે એમ પૂં૦; જીરે ઇંદ્ર પુછે એ વેવાણનેરે, મૂસળ ઉખલે હોય; મૂસળે કેમ પૂં૦ જીરે મૂસળે તંદુલ નીપજે એ, જીરે મંગળ રૂપી તે જોય; મૂસળે ઇમ પૂંખીયા રે. ૩ જીરે ઇંદ્ર પુછે એ વેવાણ-નેરે, રવૈયો ગાલીએ હોય; રવૈએ કેમ પૂં૦ જીરે રવૈએ તે ઘૃત સર્વ નીપજેરે, મંગળ રૂપી તે જોય; રવૈએ ઇમ પૂં૦ ૪ જીરે ઇંદ્ર પુછે એ વેવાણનેરે, જીરે ત્રાક તો રેંટીએ હોય; ત્રાકે કેમ પૂં૦ જીરે ત્રાકથી સૂતર નીપજેરે, જીરે મંગળ રૂપી તે જોય; ત્રાકે ઈમ૦ પૂં૦ જીરે ઇંદ્ર પુછે વેવાણનેરે, જીરે સરૈયો તે ડુંડાને હોય; સરૈએ કેમ. પૂં૦ જીરે સરૈયાથી વસ્તુ સહુ નીપજેએ, જીરે મંગળરૂપી તે જોયા સરૈએ. ઇમ૬ જીરે પાં-ચ એ મંગળ પરવડાંરે, જીરે આદરે સધળા લોક; વરને કેમ. પૂં જીરે ઇંદ્ર પુછે એ વેવાણનેરે, જીરે ઇંડીપિંડી શિવને હોય; ઇંડીએ કેમ લુંછીયાએ. ૭ જીરે ઇંડીરક્ષા તે રક્ષા કરેરે, મંગળ-રૂપી તે જોય; ઇંડીએ એમ પૂં૦ જીરે સાંભળી ઇંદ્ર નૃપ હરખી-

યારે. ૮ જીરે હરખીયો સકળ પરિવાર; ઓચ્છવ આજ અતિ ઘણાએ, જીરે ભુપ તંબોળ છાંટણા સમે રે; જીરે વરે ભૂષણ દિયું સાર; ઓચ્છવ આજ અતિ. ઘણો એ ૯ જીરે ધારડી કંઠે આરોપીનેરે, જીરે ખેંચીયા પ્રભુને ઉચ્છાહ; ઓચ્છવ૦ જીરે માત્રિકા ગોત્રજ થાપીયારે, અરે લાવીયા રંગભર ત્યાંય; ઓચ્છવ. ૧૦

દોહા.

માત્રિકા ગોત્રજ આગળે, પહેલી કન્યા ઠાય; વામ પાસે વરને તિહાં; દેવી સામા પધરાય. ૧

॥ ढाळ १२ मी. ॥

(અજબ કિયો મુનિરાજ, લઘુવય જોગ લિયો રે, એ દેશી.)

તેહ લગન સમે પ્રોહિત હવે રે, મેળી સામગ્રી સાથ; વનડો અજબ બન્યો રે, અજબ બન્યો રે વરરાય; શિહરો અજબ બન્યો રે, શિહરો અજબ બન્યોરે; સમી પીપલત્વ કચદને રે, લેપે વર વધુ હાથ. બન્યો. અજબ. ૧ એ આંકણી. જમણા કર વર વહુ તણા રે, મેળવે દેવી સકાશ; બ. હસ્તબંધન મંત્રે કરી રે, કસુંબી સૂત્રે ત્રાસ બ. ૨ મધુપર્ક પાસન કરે રે; વાડવ બોલે વેદ; બ. દેશાચાર વિદેશથી રે, દીશે નવ નવ ભેદ. બ. ૩ તિહાં સસરો વરને દિયે રે, ગાય

યુગળનું દાન; બ. કન્યાને ભૂષણ દિયે રે, તુમ કુળ રીત પ્રધાન. બ. ૪ હવે વરપક્ષી વર રચે રે, વેદા મંડપ માંહ; બ. ચઉ વિદિશે ચિહું વંશથી રે, કનક કળસ ઠવે તાંહ બ. ૫ રૂપ તામ્ર મૃત કળસથી રે, કેઇ રચે વેદિકા સાર; બ. સાત સાત કળસ હવે રે, અથવા નવ નવ ધાર. બ. ૬ ચારે બારણે દીપતી રે, ગુંથે કુસુમની જાળ; બ. તોરણ ચિહું દિશે બાંધીયાં રે, ચંદરૂઆ ચોસાળ. બ. ૭ ઝૂમે માણિક ઝૂમખાં રે; દીપે મોતી દામ; બ. સર્વ બિછાનાં સજ કરયાં રે, જાણીએ સુરપતિ ધામ. બ. ૮ વાસ ફૂલ અક્ષત કરે રે, મંત્ર ભણી દ્વીજ પાસ; બ. ચઉ વિદેશે ઉછાળીને રે, ચોરી પ્રતિષ્ટે તાસ. બ. ૯ અગ્નિ ખૂણે અગ્નિ ઠવે રે, મંત્ર કરી આહ્વાન; બ. ફારફેર ઇહાં વિધિ ઘણી રે, સમય દેશ કુળમાન. બ. ૧૦ કર મેળાવો ઇહાં કરે રે, દેશાચાર વિશેષ; મધુપર્ક કીધા વિના રે, કર મેળે કોઇ દેશ બ. ૧૧ ખાંડે ખાંડાં મેળવે રે, બેઠા નયન કરંત; મણિ શુધ નવણ ક્રિયા રે, શ્રાદ્ધ કરમ વિરચંત બ. ૧૨ તિમ પર્યાણ કરમ કરે રે, ધરે વરમાળા પવિત્ર; બ. એ આદે કરણી અછેરે, ભાંખી ગ્રંથે ચિત્ર. બ. ૧૩ પણ ઇહાં આચારદિનકરે રે, કહે પ્રજાપત્ય વિવાહ; બ. અનુક્રમે લેઇ બાંધિયા રે, કાંઇક લૌકિક રાહ. બ. ૧૪ હવે

નર નારી કેડે ચડી રે, મેલીત હાથે આય; બ. દક્ષિણ દ્વારે વર વહુ રે, ચોરીમાં પધરાય. બ. ૧૫ બેઠા પૂરવ સનમુખે રે, આસન હવે ભૂદેવ; બ મૃગ ચરમાસને બેસીને, સમીધિ અગની કરે સેઠ. બ. ૧૬ ઘી મગ તલ જવ હોમીયા રે, મંત્ર ભણી તિહાં વિપ્ર; બ. અર્ધ્યપાદ્ય વળિ દેઈને, પૂજે અગ્નિ ખિપ્ર. બ. ૧૭ વર વહુ આગળ બેસીને, તીર્થોદકે અભિષેક; બ. દરભે મંત્ર ભણી કરી રે, વાડવનો એહ વિવેક. બ. ૧૮ શાંતિક પૌષ્ટિક તિહાં કરે રે, પછે કરે ગોત્ર પ્રકાશ; બ. વર વહુ અગ્નિ પૂજિને રે, લાજ અંજની દીયે પાસ. બ. ૧૯ વેદ મંત્ર ભણિને ગુરૂ રે, બોલે મુખથી એમ; બ. સુરનરની સાખે કરી રે, જોડ્યા સંબંધ એમ. બ. ૨૦ ઇમ કહી છેડા બાંધિયા રે, મંગળ વર્ત્તવા કાજ; બ. ગુરૂ કહે ફરો પ્રદક્ષિણા રે, આનંદ રંગ સમાજ. બ. ૨૧

॥ ढाल १३ मी. ॥

(દેશી ઢાળિયાની.)

પહેલે મંગળ વરતિયે રે, બહુ ફળની માળ એ; ગુંજીયા ગુહિર નિશાન, વર વહુ સુકુમાળ એ; વાડવ વેદ વળી ઉચરે એ, સુરવધુ કરે બહુમાન તો. એ આંકણી. ૧

અગ્નિને કરે પ્રદક્ષિણા રે, લાજ વધુ હોમતી જાય, પ્રથમ મંગ-ળ ઇમ વરતિયું રે, વહુવર આસન ઠાય, વા. ૨ બીજું મંગ-ળ વરતીયું રે, ગાજતા દુંદુભી નાદ; વા. સુરવધુ સોહલા ગાવ-તી રે, વેદના થતે બહુ નાદ. વા. ૩ અગ્નિને દિયે પ્રદક્ષિણા રે, લાજ વધુ હોમતી જાય; વા. બીજું એ મંગળ વરતિયું રે; વર વહુ આસન ઠાય. વા. ૪ ત્રીજું એ મંગળ વરતિયું રે, વાજતાં વિવિધ વાજિંત્ર; વા. વેદ ઉચ્ચાર હોવે ઘણા રે, નારી ગાયે ચિત્ર. વા ૫ અગ્નિને પ્રદક્ષિણા દેઇ કરી રે, લાજવધુ હોમતી જાય; વા. ત્રીજુ એ મંગળ વરતિયું રે, વર વહુ આ-સન ઠાય; વા. ૬ જે સુતા દાન દે તેહનારે, હાથમાં આપે તવ વિપ્ર; વા. તલ જવ કુંસ દરો પાણીને રે, કહેવરાવે મુ-ખથી વિપ્ર. વા. ૭ અમુક તિથિ અમુક સંવત્સરે રે, દેઉં કન્યા તણું દાન; વા. ઈમ કહી દંપતી હાથમાં રે, પાણી મુકાવે ગુરૂ નામ. વા. ૮ વર કહે પ્રતિગ્રહ મેં કરયો રે, ગુરૂ તદા દેવે આશિષ; વા વર તણો હાથ ઉપર કરે રે, ગજ તુરંગ દે અહનીશ. વા. ૯ આગળ વર પાછળ સુંદરી રે, લાજ હોમે વધુ તામ; વા. અગ્નિને દેઇ પ્રદક્ષિણા રે, પ્રણા-મિયા પાસ પ્રભુ વામ. વા. ૧૦ ચોથું મંગળ એમ વરતિયું રે, વાજે વાજિત્રની ઠોર; વા. મંગળ ચારે એમ વરતિયાં રે,

નારીયો ગાયે બહુ સોર. વા. ૧૧ વર વહુ આસન ફેરવે રે, વામ પાસે વધુ ઠાય; વા. મોં જોણાં લોક સહુ કરે રે, ધન કાણગરની માય. વા. ૧૨ વાસ દુર્વાક્ષત કુઠ લેઇ રે, મંત્ર પવિત્ર કરી તેહ; વા. દંપતિને શિર થાપિયાં રે, ધીર્યે વહે તામ ધરી નેહ. વા. ૧૩ તલ જવ કુશ જળ લેઇ કરી રે, વધુપિતા દિયે વર હાથ; વા. વળતી કહે મુજ સુતા પ્રતિગ્રહો રે, પ્રતિગ્રહી કહે જગનાથ. વા. ૧૪ ગજ રથ ઘોડા આપીયા રે, આપીયા દેશ ભંડાર; વા. મણિ કંચન રયણ વળિ આપીયાં રે, વરતિયો જયજયકાર. વા. ૧૫ ડાભ અણિયે તીર્થોદકે રે. માર્જન કરે ગુરૂ નામ; વા. સાસુ કંસાર લાવે તિહાં રે, મુદિત મન રંગભર તામ. વા. ૧૬

॥ ઢાલ ૧૪ મી. ॥

(કંસાર નિપાયો બહુ પરે રે એ દેશી.)

જિન સાસુએ નિજ હાથે કર્યો, પરિમળ સુગંધીત વિસ્તરો; મેવાની બદામ માંહે ભેળી, પિસ્તાં નપજાં ચારોળી મેળી ૧ જાયફળ જાવંત્રી ને મરી, તિમ લવિંગ એલચીશું ભરી; દ્રાક્ષ ખસ સાકરના રવા ભેળ્યા, દ્રવ્ય તે નવનવા સારા. ૨ નાળી કેળ અખોડ હળવળે, ધનસાર સુગંધી માંહે મળે; મૃગમદ પરિમલ બહુ મહુમહે, તિણે સુરપતિનું મન ગહગહે.

૩ મણિ કંચન થાળ વિશાળમાં, પિરશો કંસાર રસાળમાં, ઉપર ગોધૃત ધારા ઘણી, કહે આરોગો ત્રિભુવન ધણી ૪ જમો જમો જમાઈ કંસાર એ, જમી સફળ કરો સંસાર એ; વર વહુ બેઠા જમવા જદા, ઈંદ્રાણી વાયુ નાંખે તદા. ૫ એક એકના મુખમાં કવળ ઠવે, સુર નર મિળિયા નિરખે સવે; સોહાસણ સરખે સાદથી, ગાય સોહેલા કોકિલ નાદથી ૬ સુર ગંધર્વ ગાન કરે ઘણું, ગેહેવરીયું વેવાઇનું આંગણું; ચલુ લેઈ તંબોળ લિયે દંપતી, પ્રભુ પરણીયા રાણી પ્રભાવતી. ૭ જ્ઞાતિ ગોત્ર સજજન સહુ આવીયા, મોંજ્ઞોણાં કરે મનભાવિયાં; ગાય ગીત પખે આપ આપણે, મદમાતી રસ રંગ ઘણે. ૮

ઢાળ ૧૫ મી.

(દેશી સાહેલડિયની.)

માત્રિકા ગોત્રજ આગળેરે, વર નિરખેજી; કરમોચન હવે કીધ, સુર નર સરખેજી; તે સમયે કન્યા પિતારે. વ૦ બહુ ધન કંચન દીધ સુ૦ ૧ ફરી ચોરીમાં આવીનેરે. વ૦ અચળ છોડે તામ. સુ૦ ૨ પૂજે મદનને દંપતી, વ૦ માતા વધાવે આય. સુ૦ ભોજન ખીરતણું કરેરે, વ૦ મંગળ ગીત ગવાય. સુ૦ ૩ તિહાં રજની રંગે રમેરે, વ૦ વિલસે નવ નવ ભોગ.

સુ૦ અવિચળ જોડી દંપતીરે, પ્રગટી પુણ્ય સંયોગ. સુ૦ ૪

॥ ढाळ १६ मी. ॥

જાનીવાસે પ્રસેનજિત આવેરે, મ્હોટા મહિપતિ સાથે લાવેરે. ૧ વેવાઇયોને આદર આપ્યારે, ઉચિત આસને સહુને થાપ્યારે. ૧ સનમાન તંબોળે કીધાંરે, ભૂપે ગોરવ નોતરાં દીધાંરે; અમ મંદિર પાવન કીજેરે, શોભા આપીને જસ બહુ લીજેરે. ૨ સહુ સાથ તેડી વહેલા આવોરે, તિમ પુરજન સાથે લાવોરે; ઇમ ગોરવ ભૂપે મનાવીરે, આનંદથી નિજ ઘર આવીરે; ૩ રસવતી નિપજાવે રસીલીરે, જેને ઈંદ્રાણી છે વશીલીરે; તેહને શું દુક્કર હોયરે, ક્ષણમાં રસવતી કરે સોય રે.૪ હવે અશ્વસેન વેવાઈરે; વળિ સાથે આવ્યા જમાઇરે. મંત્રી શેઠ સામંતછે સંગીરે, સહુ પુરજન આવ્યા ઉમંગીરે. ૫ વામારાણી આદે સહુ નારીરે, આવ્યાં ચીવર ભૂષણ ધારીરે; ગોરવ લેવાને તે આવ્યાંરે, સહુને આદર દઇને બોલાવ્યાંરે, ૬ સૌગંધિક તેલ ચોળાવેરે, વળિ ઉષ્ણોદકે નવરાવેરે; આસન બેસણ મંડાવ્યાંરે, આડણિ તકીયા ભલા ભાવ્યારે. ૭ સુવર્ણના મૂકયા થાળરે, કચોળાં તે ઝાકઝમાળરે; પાંતિ બેસીને પિરસાણ ચાલ્યાંરે, પાણી પાત્ર ભરીને આલ્યાંરે. ૮ પિરશા

મેવા તે દ્રાક્ષ અંગૂરરે, ફાલસાને ફનસ બીજપૂરરે; અનંતા સાઅનાર અંજીરરે, જમરૂખ નારંગી જંબીરરે. ૯ સીતાફળ જમરૂખ એ આદેરે, ખાય માંહો માંહે સવાદેરે; લાવે વિવિધ જાત પકવાનરે, પિરસે બહુ કરવા સનમાનરે. ૧૦ શશિમંડળ સરખાં ખાજાંરે, જલેબીને ઘેબર તાજાંરે; ઘણી જાતના લાડુ આવેરે, માંહે સુરભિ દ્રવ્ય મિલાવેરે. ૧૧ સેવૈયા લાખડશાઈ ને દળિયારે, મોતીચૂર વળિ મગદળિયારે, ચૂંટીયા લાડુ કસકસીયારે, સિંહકેસરિયા ખસખસીયારે. ૧૨ રેશમી મરકીને ફેણીરે, પૂરી સાટાને સૂતરફેણીરે; પેંડા બરફીને કોપરાપાકરે, ગુંદવડાં ગૂંદરપાકરે. ૧૩ કળિ ફૂટીને દહિંથરાં ધારીરે, ચણા દાળ નિવેટ મિસારીરે; શીરો લાપશી શેવસુંવાળીરે, દૂધપાકને ખીર રસાળીરે. ૧૪ રાયણ કંદલી ઘીપોળીરે, પીરસે રસ કેસરિયો ઘોળીરે; માવો બાસુદાને શ્રીખંડરે, કરો ભોજન ભક્તિ અખંડરે. ૧૫ શેવગાંઠીયા રાયતાં તીખાંરે, ભજીયાં ને વડાં લાગે નીકાંરે; મગચણા વટાણાને વાલરે, મઠ ચણા મસુરની દાળરે. ૧૬ લીલા શાકનો નાવે પારરે, કંકોડાં કારેલાં ગવારરે; લીલુઆ બહુ જાતના વધાર્યારે, ઘૃત રાઈમીરીએ સમાર્યારે. ૧૭ ભેંડા તૂરિયાંને ભાજીરે, પાકાં દોડાંને દૂધી તાજીરે; લીંબુ મરી ઉપર આપેરે,

લ્યો લ્યો એમ મુખથી સંલાપેરે. ૧૮ વડી પાપડ કેરીને કેરરે, બીલી કાકડી કરમદાં પેરરે; ખારૂવા કાચલીની ઘણી જાતરે, ખારાં શાક તે નવ નવિ ભાતરે. ૧૯ ના ના કહેતાં લ્યો લ્યો કહી પિરસેરે, દેખી દેવ દેવી મન હીસેરે. ૨૦ પિરશા ખીરંજને મીઠા ભાતરે, દાળ દૂધને મઠા પિરસાતરે; ઉપર ઘીની ધાર્ણા ધારરે, જમો ભોજન સહુ નર નારરે. ૨૧ જમી ઉઠી હાથ સહુ ધોયારે, તે ઉપર તંબોળ દીધારે; ચૂઆ ચંદન અત્તર લગાવ્યારે, બેઠા સાજન સંગે સોહાવ્યારે. ૨૨ પેરામણિઓ પહેરાવે ભૂપરે, વસ્ત્ર બહુ આભૂષણ અનૂપરે; હય ગય રથ પાયક કોટીરે, મણિ કંચણ રયણ સજોડીરે. ૨૩ ગામ શીમને આકર ખાટરે, કુળનારીને આપ્યા ઘાટરે; પુરવધુ પટાળિયો આપેરે, સહુને પહેરામણી થાપેરે. ૨૪ કરજોડીને લાગે પાયરે, કહે અમથી શું તમને અપાયરે; અમે કિંકર રૂપ રાજાનરે, તમે ત્રિભુવનપતિ ભગવાનરે. ૨૫ અશ્વસેને દીધી વરોઠીરે, થઈ ગોરવથી તે અનોઠીરે; દક્ષણા દેઇ દ્વિપ સહુ પોષારે, દાને જાચકને સંતોષારે. ૨૬ સાત દિવસ લગે જાન રાખીરે, ગુરૂ ગોત્રજની કરી સાખીરે; કાંકણ દોરા ગુરૂ છોડેરે, દાન આપે બહૂ નૃપ જોડારે. ૨૭ વર વહુને સં-

ગાથે બોલાવેરે, સહૂ સાજન મળવાને લાવેરે; હુઇ આનંદ રંગે વધાઇરે, શીખામણ દેઇ હવે ગાયરે ૨૮.

દોહા.

શીખામણ દેઈ પુત્રિને, પ્રસેનજીતની નાર; ઉત્સંગે બેસારિને, આંસુ પડતે ધાર. ૧

ઢાળ ૧૭ મી.

(જીરે જાદવા, એ દેશી.)

વચન સાંભળ પુત્રી તું મ્હારાં, કાજ સકળ સહુ જેહુથી; ત્હારા સહુ ખરા ધારજે ચિતમા જીરે સુંદરી. ૧ લાજ કરજે સદા જેઠ સસરા તણી, પ્રાણપ્રીત્રી જાણજે જેમ ત્રિભુવન ધણી; આપણી લાજ વધારજે. જી. ૨ સાસુ નણંદ તણાં વચન પ્રતિપાળજે, પાછો પડુત્તર જી કહી વાળ ; ભાળજે દ્રષ્ટિ ભૂમી ભણી. જી. ૩ પારકા પુરૂષશું વાત નવ કરીએ, અધિક સ્વર બોલતાં સર્વથી વરજીએ; પીજીએ ચરણ જળ નાથનું. જી. ૪ કોપજે મત કદા ધરમને રોપજે, ઉપજે શીળને મરમને રોપજે; ગોપજે મલીન આચાર. જી. ૫ જાણજે સજ્જનને ખેદ ચિત્ત નાણજે, તાણજે હઠને તું વાતને છાણજે; આણજે મન દયા સર્વની. જી. ૬ પીજીએ હે તવ ગુણ સદા લીજીએ, દીજીએ દાન બહુ નવિ ખીજીએ;

દીજીએ ઉચિત સહુ કામને જી. ૭ સકળ વાતે કુશળ જાણી-એ છે સહી, નીતિની રીત ગુરૂ મુખથી લહી, પણ કહી રીત વ્યવહારની. જી. ૮ ભૂપ અશ્વસેનને આદર કરી, કહે એ દી-કરી આપ ખોળે ધરી, ઉછરી મુજ ઉત્સંગમાં. જી. ૯ જન-મથી આજ લગે પાળી ઘણી, દુઃખ તણી વાત એણે કાનેથી નવિ સુણી; તે ભણી સાર કરજો ઘણી. જી. ૧૦ ભાસે વેવા ણને એ બાળક વહુ, સમજતી નથી કાંઇ તુમે તો જાણો સહુ શું બહુરે ભાંખીએ વૃદ્ધને જી. ૧૧ એહ કુમરી તણી લાજ તુમ હાથમાં, માન વધારજો સજ્જન સાથમાં; આથમાં એહ અમારે છે સહી જી. ૧૨ ઇમ કહી પુત્રિને અધિક આડંબરે, ગાજતે વાજતે વોળાવે સાસરે; સહુ કરે લોક ઉવારણાં જી. ૧૩ ગોરીઓ ગાવતી અધિક ઉમંગથી, સાજન ભુપશું રંગ-થી; ઉછરંગ.ો પ્રભુ ઘેર આવીયા. જી. ૧૪

॥ ढाळ १८ मी. ॥

(જીરે જી સ્વામી સમોસર્યા, એ દેશી.)

પ્રણમી પ્રભુ ઘર આવીયા, પૂંખી માએ વધાવિયા રે; સં-પુટ ચંપાવી તિહાં, મંદિરમાં પધરાવિયા રે. પ્ર. ૧ ગોત્રજ કુળગર સાતને, અષ્ટ પ્રકારે જે અછે રે; વેદમંત્ર ઉચ્ચારિને; વ-

ળી દેઈને વિસર્જન રે. પ્ર. ૨ અઠાઈ મહોચ્છવ કરી સુરા, આણા લઇને જાવે રે; પ્રભુ પણ નવ નવ ભોગથી, ભોગ કરમને ખપાવે રે. પ્ર. ૩ ત્રીશ વરસ ગૃહવાસમાં, સુખ વિલસે સુખકારી રે; લોકાંતિક સુર કેણથી, સંજમ લે અવિકારી રે. પ્ર. ૪ ચોરાશી દિવસે પ્રભુ પામ્યા, નિર્મળ કેવળ નાણ રે; સંઘ ચતુર્વિધ થાપીને, વરતાવી નિજ આણ રે. પ્ર. ૫ સો વરસનું આઉખું પાળી, ટાળી કરમ વિપાક રે; સમેત શિખર ગિરિ ઉપરે, પામ્યા પ્રભુ શિવશર્મ રે. પ્ર. ૬ પાસ પ્રભુનો વિવાહલો, ભણશે સુણશે જેહ રે; ટળશે વિરહ દુ:ખ તેહનાં, લહેશે ઇચ્છિત તેહ રે. પ્ર. ૭ સંવત અઢારસે સાઠનો, ધનતેરશ દિન ખાસ રે; ભૃગુપુર ચોમાસુ રહી, કીધો એહ અભ્યાસ રે. પ્ર. ૮ શ્રી વિજયદેવસૂરી તણા, લબ્ધિવિજય વડભાગી રે; તેહના રત્નવિજય ગુણી, જિનમતના અનુરાગી રે. પ્ર. ૯ માનવિજયગણિ તેહના, વિવેકવિજય તસ શિષ્ય રે; અમૃતવિજય છે તેહના, જેહને સબળ જગીશ રે. પ્ર. ૧૦ તસ પદ કમળ ભ્રમર સમો, રંગવિજય કહે રંગે રે; પાસ પ્રભુ ગુણ ગાઇયા, ઉલટ આણી અંગ રે. પ્ર. ૧૧ ઈતિ શ્રી પાર્શ્વનાથનો વિવાહલો સમાપ્તમ.

અથ દીવાળીકલ્પ સ્તવન.

રાગ રામગ્રી.

શ્રી શ્રમણસંઘ તિલકૌપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવૃંદં; ઇંદ્ર ભૂતિ પ્રભવ મહુંસૌ મુચકં, કૃતકુશલ કૌટી કલ્યાણ કંદં ૧ મુનિ મનુંજ રંજણો સયળ દુઃખ ભંજણો, વીરવર વર્ધમાનો જિણંદો; મુગતિ ગતિ જિમ લહિ તિમ કહું સુણ સહિ, જિમ હોયે હર્ષ હૈડે આણંદો. ૨ મુનિ. ફરીઅ ઉદઘોષણા દેશપુર પાટણે, મેઘ જિમ દાન જળ બહુલ વરસી; ધણ કણગ મોતિયાં જગમગે જોતીયાં; જિન દેઈ દાન ઇમ એક વરસી. ૩ મુનિ. દોય વિણ તોય ઉપવાસ આદે કરી, મૃગશિર કૃષ્ણ દશમી દહાડે; સિદ્ધ સાહમા થઈ વીર દીક્ષા લેઇ, પાપ સંતાપ મળ દૂર કાઢે ૪ મુનિ બહુલ બંભણ ઘરે પારણો સાગીઅ, પુણ્ય પરમાન્ન મધ્યાન કીધું; ભુવનગુરૂ પારણા, પુણ્યથી બંભણી, આપ અવતાર ફળ સયલ લીધો. ૫ મુનિ. કર્મચંડાળ ગોસાળ સંગમ સુરો, જિણે જિન ઉપરે ઘાત માંડયો; એવડો વૈર તે પાપી આસી કર્યો, કર્મ કોડિ તુંહિજ સબળ દંડો. ૬ મુનિ. સહજ ગુણ રોશિયો, નામે ચંડકોશિયો, જિનપદે સ્વાન જિમ જેહ વળગ્યો; તેહ તે બૂઝવ્યો ઉદ્ધર્યો ઉરગપતિ, ધસૈ પાપથી

અતિહિં અલગો ૭ મુની. વેદીયા મિત્રીયા માલગિં થેદીઓ ભેદીઓ તુઝ નવિ ધ્યાંન કુભો, શૂલ પાણી અનાણી અહો બુઝંગ્યો તુઝ કૃપા પાર પામી ન સંભો. ૮ મુની. સંગમિ પીડીઓ પ્રભુ સજલ લોઅણે ચિંતવે છુંટસિ કીમ એહો, તાસ ઉપરિ દયા એવડી સી કરી, સાપરાધે જને શબલનેહો. ૯ મુની. એમ ઉપસર્ગ સહતાં તરણીમી તવ રીસ, સાર્ધ ઉપરિ અધિક પખ્ય એક વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ દહ્યું, ગહ ગહ્યું સુરભી કર નર અનેકે. ૧૦ મુની. ઇંદ્રભુતિ પ્રમુખ સહસ ચઉદસ મુની, સાહૂણી સહસ છત્રીસ વિહસી ઓગણસઠી સહસ લાખ શ્રધાલૂયા, શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી. ૧૧ મુની. એમ અખીલ સાધુ પરીવારસુ પરવર્યો જલધી જંગમ જિસ્યો ગુહિર ગાજે, વિચરંતા દેશ પરદેશાનિ અદેસના ઉપદેશ સયલ સંદેહ ભાજે. ૧૨ મુની.

॥ ઢાલ ૨ જી. ॥

વીવાહલાની દેશી.

હવે નિય આય અતિમ સમૈજાણીઆ, શ્રી જિનરાયરે, નયરીઅ પાપાઈ આવીઆ રાજ સમાજને ઠાઈરે, હસ્તી પાલગ રાય દિઠડા, આવીયા આંગણ બારરે નયણ કમલ દોઇ વીહસીયાં, હરસીલાં હૈડા મઝારરે. ૧ ભલે ભલે પ્રભુજી

પધારીઆ પાવસિ પાવન કીધરે, જનમ સફલ આજ અમ-
તણા અમધર પાઉલા દીધારે, રાણી રાય જિન પ્રણમીયા,
મોટે મોતીડે વધાવીરે જિન સનમુખ કરજોડીયા, બઈઠલાં
આગલેં આવીરે. ૨ ધન અવતાર અમ્હારડો ધન દિન
આજનો એહોરે, સુર તરૂ આંગણે મોરીઓ મોતી અડે વુ-
ઠલો મેહરે, આસ્યુ અમારે એવડો પુરવ પુન્યનો જોગરે,
હિયડલું હેતે હરસીઓ જોજન મલીયો સંયોગરે. ૩ અ-
તિ આદર અવધારીય ચરમ ચોમાસલૂં રહિયારે, રાય રાણી
સુરનર સવે હીયડલા માંહે ગહગહીઆરે, અમૃતથી અતી
મીઠડી સાંભલી દેશના જીનનીરે, પાપ સંતાપ પરહો થયો
સાતા થઈ તન મનનીરે. ૪ ઇંદ્ર આવે આવે ચંદ્રમા આ-
વે નર નારિના વૃંદરે, ત્રણ પ્રદક્ષણા દેઇ કરી નાટીક નવ
નવા છંદારે, જિનમુખ વયણની ગોઠડી તિહાં હોઈ અતિ
ઘણુ મીઠીરે, તેહ નર તેહીજ વરણવે જિણે નિજં વયણલે
દીઠીરે. ૫ ઈમ આણંદે અતિ ક્રમ્યા શ્રાવણ ભાદ્રવો આ-
સોરે, કૌતિક કોડીલો અનૂક્રમે આવિઅલો કાર્તિક માસરે,
પાખીય પર્વ પનોતલો, પોહતલો પુન્ય પ્રવાહરે, રાય અઢાર
તિહા મિલ્યા પોસહ લેવા ઉછાહરે. ૬ ત્રિભૂવન જન સવિ
તિહાં મલ્યો શ્રી જિન વંદન કામોરે, સહજ સંકીરણ તિહાં

થઓ, તિલ પડવા નહિ ઠામોરે, ગોયમ સ્વામી સમોવડે, સાંમી સુધર્મા તિહાં બેઠારે, ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દીઠારે. ૭ પુરણ પુન્યના ઓષધ પોષધ, વ્રત વેગે લીધાંરે, કાર્તિક કાલી ચઉદશે જિનમુખે પચખાંણ કીધારે, રાય અઢાર પ્રમુખ ઘણે જિન પગે વાંદણાં દીધાંરે, જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધાંરે. ૮

॥ ઢાલ ૨ જી. ॥

રાગ મારૂં.

શ્રી જગદિશ દયાલુ દૂખ દૂરિ કરરે, કૃપા કોડી તુઝજોડી, જગમાંરે જગમાંરે કહીયે કેહેને વીરજીરે. ૧ જગ જનને કુણ દેશે એવી દેશનારે, જાણી નિજ નીરવાણ, નવ રસે નવ રસે સોલ પુરહ દીયે દેશના. ૨ પ્રબલ પુણ્ય ફલ સંસુચક સોહમણાંરે અઝ્ઝયણે પણ પન્ન કહીઆંરે કહીઆંરે મહિયાં સુખ સાંભલિ હોઇરે. ૩ પ્રબલ પાપ ફલ અઝ્ઝયણં તિમ તે તલાંરે, અણ પુછ્યાં છત્રીસ, સૂણતાંરે સૂણતાંરે ભણતાં સવિ સુખ સંપજેરે. ૪ પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરે રે કહ્યું પ્રભુ પ્રત્યખ્ય દેવ, મુજનેરે મુજનેરે સુપન અર્થ સવિ સાચલોરે. ૫ ગજ. ૧ વાનર ૨ ખીરદ્રુમ ૩, સિંહ ૪, વાયસ ૫ ઘડોરે ૬ કમલ ૭ બીજભૂમિ આઠ, દેખીરે દેખીરે,

સુપન્ન સભય મુઝમન હુઓરે. ૬ ઓખરિ બીજકમલ અ-
સ્થાનકિં સિહુનોરે, જીવ રહિત શરીર સોવનરે સોવનરે
કુંભમલીન એસ્યુધટેરે. ૭ વીર ભણે ભુપાલ સુણો મન થીર
કરીરે, સુણી અરથ સુવીચાર હિયડેરે હિયડેરે ધરયો ધર્મ
ધુરંધરો. ૮.

॥ ઢાલ ૪ થી. ॥

શ્રાવક સિંધુર સારિખા, જિનમતના રાગી ત્યાગીસહુ
ગુરૂદેવ ધર્મ, તત્વે મતિ જાગી, વિનય વિવેક વિચારવંત,
પ્રવચન ગુણ પૂરા, એહવા શ્રાવક હોઇ સિમતિમંત સનૂરા.
૧ લાલચી લાગા થોડલે, સુખી રાચી રહીઆ, ઘરવાસે
આશા અમર પરમારથ દૂહિયા, વ્રત વૈરાગ થકી નહિ, દોય
લેસ્યે પ્રાહેં, ગજ સુપને ફલ એહને, નેહ નવિ મન માંહિ.
૨ વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુની મોટા, આગલ
હોસ્યૈ લાલચી, લોભી મન ખોટા, આચારજ આચાર હીણ,
પ્રાહી પરમાદી, ધર્મ ભેદ કરસ્યે ઘણા, સેહેજે સ્વારથ વાદી.
૩ કો ગુણવંત મંહત સંત, મહામુનિ રૂડા, મુખ મીઠા
માયા વિઆ મનમાંહે કુડા, કરસ્યે માંહોમાંહે વાદ પરવાંદે
નાસિં, બીજા સુપન તણો વિચાર ઈમ વીર પ્રકાસે. ૪ કલ્પ
વૃક્ષ સરીખા હોવે, દાતાર ભલેરા દેવ ધર્મ ગુરૂ વાસના, વ-

રી વારીના ચેરા, સરલ વૃક્ષ સવિને દેઇ, મનમાં ગહગહતા, દાતા દુરલભ વૃક્ષરાજ, ફલ ફૂલે પત્રે હતા. ૫ કપટિ જિન મતિ લેંગીયા, બબુલ સરીખા, ખીર વૃક્ષ આડા થયા, જિમ કંટક તીખા, દાંન દેયતાં વારસ્યે, અન્ય પાવ નપાત્રે, ત્રીજા સુપન વિચાર કહ્યો જિન ધર્મ વિધાત્રે. ૬ સિંહ કલેવર સારીખો જિનસાસન સબલો, અતિ દુર દાંત અગાહનીય જિન વાયક જમલો, પર સાસન સાવજજ અજજ તે દેખીને કંપે, ચઉથા સુપન વિચાર એમ જિન મુખથી જંપે. ૭ ગછ ગંગાજલ સારીખો મૂકી મત હીણા, મુની મન રાચે ડીલરે, જિમ વાયસ દીણા, વચંક આચારજ અનેક તિણે બોલવીયા, તે ધર્માંતર આદરે, જડમતિ બહુ ભાવીયા. ૮ પંચમ સુપન વિચાર રાહ સુણીઓ રાજાનેં, છઠે સોવન કુંભ દીઠ, મેંજે સુણી કાંને, કો કો મુનિ દરીસણુ ચારીત્ર, ન્યાન પુરણ દેહા, પાલે પંચાચારને છાંડી નીજ ગેહા. ૯ કો કપટી ચારીત્ર વેષ લેઇ વિપ્ર તારે, મેલો સૂવન કુંભ જિમ, પિંડ પાપે ભારે, છઠા સુપન વિચાર એહ, સાતમે દિવસ ઊકરડે ઉતપતિ થઈ, તે સુ કહ્યું જિનવર. ૧૦ પૂણ્યવંત પ્રાણી હોસ્યે પ્રાહિ મધ્યમ જાત, દાતા ભોક્તા રીદ્ધીવંત, નીરમલ અવદા તે, સાધુ અસાધુયતિ વદે તવ સરીખાં કાજે, તે બહુ

ભદ્રક ભવિયણે સ્યે ઓલંભો દીજે. ૧૧ રાજા મંત્રીપરે સુ સાધુ આપો પુગ્રોપી, ચારીત્ર સુધ્ધો રાખસ્યેં સવિ પાપ વિ લોપી, સપ્ત સુપન વિચાર, વિર જિનવર એમ કહ્યો, અઠમ સુપન તણો વિચાર સુણી મન ગહે ગહેઓ. ૧૨ ન લહે જિન મત માત્ર જેહ, તે પાત્ર ન કહીએ, દીધાનું પરભવે પુન્ય ફલ કાંઇ ન લહીએ, પાત્રાપાત્ર વિચાર ભેદ ભોલા નવિ લહેસ્યે, પુન્યાર્થે તે અર્થ આથિ કુપાત્રે દેસ્યે. ૧૩ ઉખર ભૂમી દૃષ્ટ બીજ, તેહનો ફલ કહીઓ, અષ્ટમ સુપન વિચાર એમ રાજા મન ગહિઓ, એહ અનાગત સહુ સરૂપ, જાણી તેણે કાલે, દીક્ષા લીધિ વીર પાસે રાજા પુન્ય ગાલે. ૧૪

॥ ढाल ५ मी. ॥

રાગ ગોડી.

ઈંદ્રભુતિ અવસર લહીરે, પુછી કહે જિનરાજ; સું આ-આગલ હવે હોયસ્યેરે, તારણ તરણ જિહાજોરે. ૧ કહે જિનવિરજી૦ મુજ નિવારણ સમય થકીરે, ત્રિહું વરસે નવ માસ, માટેરે તિહાં બેસસ્યેરે, પંચમકાલ નીરાસોરે. ૨ કહે૦ બારે વરસે મુજ થકીરે ગૌત્તમ તુઝ નીરવાણ, સોહમ વિસે પામસેરે, વરસે અખય સુખ ઠાણોરે ૩ કહે૦ ચઉસઠી વરસે મુજ થકીરે, જંબુને નીરવાણ, આથમસ્યે આદિત થ-

કીરે, અધીકું કેવલ નાણરે. ૪. કહે૦ મણ પર્ઝ્રુવ પરમા વ-ધીરે, ક્ષપંકા સમ મન આણ, સંજમ ત્રિણ્ય જિન કલ્પનીરે, પૂલકાહાર કહાણોરે. ૫ કહે૦ સિર્ઝ્રુભવ અઠાણવેરે. કરસ્યે દસ આલીય, ચઉપૂંવી ભદ્ર બાહુથીરે, થાસ્યે સયલ વિલી-ઓરે. ૬ કહે૦ દોયસતપનરે મૂઝ થકીરે પ્રથમ સંઘયણ સંઠાણ, પૂંવણું ઉગતે નવિ હુસ્યેરે મહાપ્રાણનવિ ઝીંણોરે. ૭ કહે૦ ચઉત્રયપન્ને મુઝ થકીરે, હોસ્યે કાલીક સુરી, કરસ્યે ચઉથ પજુસણારે, વરગુણ રયણનો પુરોરે. ૮ કહે૦ મુઝ થકી પણ ચઉરાસીએરે, હોસ્યે વયર કુમાર, દસ પૂર્વિ અધિકીલીઆરે, રેહેસ્યે તીહાં નીરધારરે. ૯ કહે૦ મુઝ નીરવાણ થકી છસેંરે. વીસ પછી વનવાસ, મૂકી કરસ્યે ન-યરમાંરે, આર્ય મુની રક્ષિત વાસોરે. ૧૦ કહે૦ સહસ્ત્ર વરસેં મુઝ થકીરે, ચઉદ પૂરવ વીછેદ, યોતીક અણમલતાં હુસ્યેરે, બહુલ મતાંતર ભેદરે, ૧૧ કહે૦ વિક્રમથી પંચ પંચાસીએરે હોસ્યે હરી ભદ્રસુરી, જિન સાસન અજુઆલસ્યેરે, તેહથી દૂરીયાંસવિદૂરરે ૧૨ કહે૦ દ્રાદસ સતસતરં સમેરે; મુઝથી મુનીસર હીર, બપ્પભટ્ટ સુરી હોય સ્યેરે તે જીન સાસન વીરોરે ૧૩ કહે૦ મુઝ પ્રતિબિંબ ભરાવસેરે, આમરાય ભૂ-પાલ, સાર્ધ ત્રિકોટિ સોવન તણોરે, તસ વયણથી વિશાલોરે

૧૪ કહે૦ પોડસ સત અગણોતરોરે વરસેં મુઝથી મુણંદ, હેમસુરિ ગુરૂ હોસ્યેરે, સાસન ગયણ દીણંદારે ૧૫ કહે૦ હેમસુંરી પડી બોહીઓરે, કુમારપાલ ભુપાલ, જિન મંડીત કરસ્યો મહીરે, જિન સાસન પ્રતિ પાલોરે ૧૬ કહે૦ ગોતમ નિબલા સમયથીરે, મૂઝ સાસન મન મેલ, માંહો માંહે નવિ હુસ્યેરે, મચ્છગલા ગલ હેલોરે, ૧૭ કહે૦ મુનિ મોટા માયા વીયારે, વેટી ગારા વિશેષ, આપ સ્વારથ વસી થઓરે, એહ વિંડંબસ્યો વેસોરે, ૧૮ કહે. લોભી લખપતિ હોઇ સ્યેરે, યમ સરીખા ભૂપાલ, સજન વિરોધી જીનહોસ્યેરે, નવિ લજ્જાલુ દયાલોરે. ૧૯ કહે. નિરલોભી નીરમાઈયારે, સુધાચારીત્રવંત, થોડા મુની મહીયલ હુસ્યેરે, સુંણી ગોતમ ગુણવંતરે. ૨૦ કહે૦ ગુરૂ ભગતા શીષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહિણ, માત પીતાના સુત નહિંરે, તે મહીલાના આધીનરે. ૨૧ કહે. દૂખ સહસુરી ફલ ગુસીરીરે, નાયવ શ્રાવક જાણ, સચ્ચ સીરીતિમ શ્રાવિકારે, અતિમસંધ વખાણોરે. ૨૨ કહે. વર સસહસ એક વિંશતિરે જિનસાસન વિક્ષાત અવિચલ ધર્મ ચલાવસેરે ગોતમ આગમ વાતોરે. ૨૩ કહે. દૂખમે દૂખમા કાલનીરે, તેહ કહી ધ્રસીવાત કાયર કંપે હઈડલોરે, સુણતાં અવદાતોરે. ૨૪ કહે.

ઢાળ ૬ ઠી.

રાગ પેઉડાઘરે આવે એ દેશી.

મુઝ સ્યુ અવિહડનેહ બાંધ્યો, હૈજહેડા રંગ દઢ મોહ બંધણ સબલ બાંધ્યા વજત જેમ અભંગ, અલગા થયા મુઝ થકી એહને; ઉપજસ્યેકેવલનીયઅંગ કે. ૧ ગોતમરે ગુણવંતા. અવસર જાણી જિનવરે પૂછીઆ ગોતમ સ્વામી, દોહગ, દૂખીયા જીવને, આવીએ આપણ કામ, દેવસર્મ્મા બ્રાહ્મણ જઇ બુઝવ્યો રે ઉણેં ઢુંકડે ગામ કાંજ્ર ૨ ગોત્તમ ગુણ૦ સાંભલી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય, ગોત્તમ બે કર જોડી, પ્રણમી, વિરજિનના પાય, પાંગરા પૂરવ પ્રીતથી ચઉનાણી રે મનમાં નિરમાય કે. ૩ ગોત્તમ. ગોત્તમ ગુરૂ તિહાં આવીયા વંદાવીયો તે વીપ્ર, ઉપદેશ અમૃત દીયલો પીધલો તિણેં ક્ષિપ્ર, ધસમસ કરતાં બંભણી, બારી વાગી રે થઇ. વેદન દિપ્રેકે ૪ ગોત્તમા. ગોત્તમ ગુરૂનાં વયણલાં નવિ ધર્યાં તેણે કાને, તે મરીનેતસ શિરીકૃમી થયો, કામનિને એ કતાન, ઉઠીયા ગોત્તમ જાણીઓ, તસચરીઓ રે પોતાને ન્યાન કે. ૫. ગો.

ઢાળ ૭ મી.

રાગ રામગીરી.

શ્રી. ચઉસઠ મણનાં મોતી ઝગમગેરે, ગાજે સુહિર ગંભીર સરીરરે, પુરાં તેતીસેં સાગર પુરવેંરે, નાહેલીણા લવશતમી આ સુરરે, વીરજી વખાણેરે જગજન મોહીઓરે, ૧ અમૃતથી મીઠી અધિકી વાણીરે, સુણતાં સુખડું જે મન સંપજેરે, તે લેહસ્યે જે પહોચશે નીરવાણરે વીર. ૨ વાણી પડછંદે સુર પડી બોહીયારે, સુણતાં પામી સુખ સંપતિની કોડરે, બીજા અખંડલ ઉલટથી ઘણાંરે આવી બેઠા આગળ બે કરજોડીરે, વીર. ૩ સોહમ ઇંદ્રો સાસન મોહીઓરે, પુછે પરમેસરને તુમેં આયરે, બે ઘડી વધારો ખાતિ થકી પરહુંરે, તો ભસ્મ ગ્રહ સઘલો દૂરિ જાયરે, ૪ વીર. સાસન શોભા અધિકી વાધ સ્યેરે સુખીયા હોસ્યે મૂનીવરના વૃંદરે, સંઘ સકલને સવિ સુખ સંપજેરે, હોસ્યે દિન દિનથી પરમાનંદરે વીર. ૫ ઇંદ્રાન કદારે કહિઇ કેહનોરે કેંણે સાધ્યો નવિજાય આયરે, ભાવિ પદારથ ભાવિ નીપજેરે જે જીમ સરજયું તે તિમ થાયરે. વીર. ૬ સોલ પોહોરની દેતા દેશનારે પરધાનક નામા રૂયડુ અધ્યાનરે, કહતાં કાતિ વદિ કહુ પરગડિરે, વીરજી પોતા પંચમ ગતિ રયણરે. વીર. ૭ ન્યાં ન દિવોરે જવ દૂરે ગયોરે, તવ કીધિ દેવે દીવાની સયાંણરે, તિમરે ચિહું વરણે

દીવા કીધલાંરે, દિવાલી કહિઇંછે કારણ તેણરે, વીર. ૮ આંસુ પારેપુરણ નયણ ખંડલોરે મૂકી ચંદન નીચયમાં અંગરે, દીધો દહન દેવે. સધલે. મલીરે હા ધિક ધિક સંસાર વિરંગરે ૯ વીરજી.

ઢાળ ૮ મી.

રાગ વેરાડી.

વંદેસુ વેગે જઇ વીરો, ઈમ ગૌત્તમ ગહ ગહતા, મારગ આવતાં સાંભળીઓ, વીર મૂગતિમાં પૂહતારે, જિનજી તું સનેહી મોટા. ૧ અવિહડ પ્રેમ હતો તૂઝ ઉપરે, તે તેં કીધો ખોટારે, જિનજી. હૈહૈ વીર કર્યું અણ ઘટતું, મુઝ મોકલીયો ગામ, અંતકાલે બેઠો તુઝ આગલિ હું સ્યૈનાવત કાંમેરે. જીનજી. ૨ ચઉદ સહસ મુઝ સરીખાતારે, તુઝ સરીખો મુઝ તુંહી વીસવાસે વીર છેતરીયો રંગો અવગુણ મુઝમાં એહરે, જીનજી. ૩ કેહેને છેહડે નવિ વલગે, જો મીલનું હોઇ સબલૂં મિલતાં સ્યું જિણે ચિત્ત ચોર્યું તિણે કર્યું નબલુંરે, જીનજી. ૪ નિઠુર હિયડાનેહ ન કીજે, નિસનેહી નર નિરખી, હિયડું હેજે, મિલૈં જીહાં હરખી, તે પ્રીતલડી સરખીરે, જીનજી. ૫ તે મુઝને મનડો નવિ દીધો મુઝ મનડો તે લીધો, આપ સવારથ સધલો કીધો મુગતિ જઈને સીધોરે જીન-

જી. ૬ આજ લગે તુંઝ મૂઝસું અંતર સુપનાં નં-
તર નવિ હુતો, હૈડા હેજહીઆલો છંડી, મુઝ મુકયો
રોતોરે ૭ જીનજી. કો કહેસુ બહુ પ્રેમ મ કરસ્યો, પ્રેમ
બિંડંબન વીરૂઈ, પ્રેમે પરવશ જે દુઃખ પામે, તેહ કથા
ઘણું વીરૂઇરે, ૮ જીનજી. નીસનેહી સુખીયા રહે સઘલે, સસ
નેહી દુઃખ દેખે તિલ દુગ્ધે પરની પીડા, પામી નેહવિશેરે, ૯
જીનજી. સમોવસરણ કહીઇ હવે હોસ્યે નયણલે કુણ જોસ્યે દયા
ધેનુપુરી કુણ દોહસે, વૃખ દધિ કુણો વીલોસ્યેરે૧૦ જીનજી. ઇણ
મારગ જે ચાલ્યા જાવે, તે પાછા નવિ આવે, મૂઝ હિયડું દૂખ
પડે ન સમાવે, તે કહો કુણ સમાવેરે ૧૧ જીન. દ્યો દરીસણ
વીરાવાલાને, જે દરીસણનાં તરસ્યાં, જો સુહણે કિંવારે દેખી
સઉં, તો દૂખ દૂરિ કરસ્યુંરે ૧૨ જીન૦ પૂન્ય કથા હવે કોણ
કેલવસે, કુણ વાહલા મેલવસ્યે, મુઝ મનડું હવિં કુણ ખેલ
વસ્યે, કુમતિ જિમ તિમ લવસ્યેરે ૧૩ જીનજી. કુણ પુછયા
નો ઉત્તર દેશે, કુણ સંદેહ ભંજેસિ, સંઘ કમલ વન કિમ
વિહસસ્યેરે; હુ છદ્મસ્થાવેસેરે ૧૪ જીનજી. હુ પૂરાં પુર વસૂં
અનાણી, મેં જીન વાત ન જાણીરે, મોહ કરે સવિ જગ અ
જાણી અ હવી જનની વાણીરે ૧૫ જીનજી૦ એ હવે જિન
વચણે મન વ્યાપ્યો, મોહ સબલ બલ કાપ્યો, ઇણ ભાવેં

કેવલ સુખ આવ્યો, ઇંદ્રે જીન પદ થાપ્યોરે, ૧૬ જીન૦ ઇંદ્રહાસા ભટ્ટારક જુહાર ભટ્ટારક તેણે પર્વ પનોતું જગમાં વ્યાપ્યુરે, તે કીજે સવિકેણરે, ૧૭ જીન૦ રાજાનંદિ વર્ધન ઉનુ તરીઓ ભાઇ નર બીજે, તે ભાઇ હુંઈ જગ સઘલે, બે હને બહું પર કીજેરે ૧૮ જીનજી૦

ઢાળ ૯ મી.

વિવાહલાની દેશી.

પેહરી નવરંગ ફાલડીરે, માંડી મૃગ મદ કેસર ભાલડી એ, ઝબ ઝબકે શ્રવણા ઝાલડીએ, કરી કંઠે મૂગતા ફલ આલડીએ, ૧ ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપ માલડીએ, પોહતલો પર્વ દીવાલડીએ, રમે રંગ ભરી રામતિ બાલડીએ ૨ સોક સંતાપ સવિ કાપીયા એ, ઇંદ્રે ગોયમ વિરપદે થાપીયોએ, નારી કહે સાંભલ કંતડાએ, જપો ગોયમ નામ એ કંતડાએ ૩ લ્યો લખ લાભ લખેસરીએ, ઘા મંગલ કોડિ કોટી સરીએ, જાપ જપો થઇ સ્યું તપે સરીએ, જિમ પામીએ સર્ગ્ગ પરમેસરીએ, ૪ લહિ ઇં દીવાલડી ધાલડો એ, એતો પુન્યનો ટબક લોટાટલોએ સુકૃત સરી દૃઢ કરો પાલડીએ, જિંમ ઘરે હુંઈ દીવાલડીએ ૫

ઢાળ ૧૦ મી.

હવે મુનિસુવ્રત સિસોરે, જેહની સબલ જગીસોરે, તે ગુરૂ ગજ પરિં આવ્યારે, વાદી સવિહાર મનાવ્યા ૧. પાવસ ચોમાસૂ રહિયારે ભવિયણ હિયડે ગહ ગહીઆરેં, તુમો ચક્રવત્તિ પદ્મરે, જસુ હિયડે નવી છદ્મરે, ૨ નમૂં ચીતસ પરધાનરે, રાજા દિઇં બહુ માનરે, તિણેં તિહા રીઝવી રાયને, માંગી મોટા પસાયરે ૩. લીધો ખટ ખંડ રાજરે, સાત દીવસ માંડી આજ પૂરવેં મુનીસું વીરોધ્યોરે, તે નવિ કુંણેં પ્રતિ બોધ્યો ૪ તે મૂંનીસું કહે બંડોરે, મૂઝ ધરતી સવિ છંડોરે, વિનયો મૂંની મોટારે, નવિ માને કર્મે ખોટારે ૫ સાઠ સયા વર્ષે તપીઓરે, જે જિન કરિઆતો ખપીઓરે, નાંમે વિશ્નુ કુમારરે, સયલ લબધીનો ભંડારરે, ૬ ઉઠ કર્મ ભુંમી લેવારે, જોવા ભાઇની સેવા લયો ત્રિપદી ભોમી દાંનરે, ભલે ભલે આવ્યા ભગવાનરે, ૭ ઇણ વયણે ધડ હડીઆરે, તે મુંની કોપે બહુ ચઢીઆ, કીધું અદભુત રૂપરે, જોયણ લાખ સરૂપ ૮ પ્રથમ ચર્ણ પુર્વ દીધોરે બીજો વલી પછિમ કીધોરે, ત્રીજો તસ પુઠેં થાપ્યોરે, નમુચી પાતાલે ચાંપ્યો. ૯ થર હરીઓ ત્રીભોવનરે ખલ ભલીઓ સવિ સર્જન, સલ સલીઓ સુર દિનરે પડીઓ નવી સાંભલીઓ કન્ન ૧૦ એ ઉતપાત અત્યંતરે, દૂર

કરો ભગવંત, હૈ હૈસ્યું હવે થાસ્યેરે, બોલે બહુ એકણ સા સેરે ૧૧ કરણેં કિંન્નર દેવારે, કહુઆ ક્રોધ સમેવા, મધુર મધુર ગાય ગીતરે, બે કરજોડી વનિત. ૧૨ વિનય થકી વિનય થકી વેગે વલીયોરે, એ જિન સાસનનો બલીઆ, દાણવ દેવે ખમાવ્યારે, નર નારીયેં વધાવ્યા ૧૩ ગાવડલી ભેંસ ભડકીરે, જે દેખી દૂરે તડકી, તે જતને ગ્રહીછેરે, આ રતિ ઉતારી મેરેં ૧૪ નવલે અવતારે આવ્યારે, જીવત ફલ લહી ફાવ્યારે, સેવ સુહાલી કંસારરે, ફલલ્યું નવે અવ તારે, ૧૫ છગણ તણો ઘર બારરે નમુચી લખ્યું ઘરનારી, તે જિમ જિમ ખરો થાયરે, તિમ તિમ દૂઃખ દૂરે જાયરે, ૧૬. મંદીર મંડાણ મંડ્યારે, દાલિદ્ર દૂખ દૂરે છાંડ્યારે, કાતિક વદી પડવે પરવેરે, એમ એ આદરીઆ સર્વે ૧૭. પુન્યે નરભવ પામીરે, ધર્મ કરો નર ધાંમીરે, પુન્યે રીધિ ર-સાલીરે, નિત્ય નિત્ય પુંન્યે દીવાલીરે ૧૮.

કલસ ॥ જિન તું નિરંજન સજન રંજન દૂખ ભંજણ દેવતા દો સુખ સ્વામી, મુગતી ગામી, વીર તુજ પાય સે-વતાં, તપ ગછ ગયણ દિણંદ દહ દીસી દિપતો જગ જાણીએ શ્રી હિર વીજય સૂરિ દસદ ગુરૂ તાસ પાટ વખાણીએ શ્રી વી જયસેંન સૂરિસ સહ ગુરૂ વિજયદેવ સુરીસરૂ, જે જપે અહ

નિસ નામ જેહનો, વર્ધમાન જિણેસરો નીર્વાણ તવન મહિમા ભુવનવીર જિનનું જે ભણે તે લહે લીલા લબદ્ધિ લછી શ્રી ગુણ હર્ખે વધામણા ૧૨૫.

॥ ઇતિ શ્રી વીર નિવાર્ણ સ્તવનં સંપુરણમ શ્રી રસ્તુ. ॥

અથશ્રી અષ્ટમી જીન સ્તુતિ.

અષ્ટમી જિન ચંદ્ર પ્રભુ નમીએં, અષ્ટ મહાપદ દૂરે દમીએ, દૂર ગતિમાં નવિ ભમીએ, મહસેન નંદન જિનગુણે રમીએ, અષ્ટ મહાભય ભાવઠ સમીએ, દુખ દોહગતિ દમીએ, અષ્ટ મંગળજસ આગળ રાજે ચંદ્રલંછન જસ ચરણે છાજે, જગજસ પડહો વાજે, અષ્ટ કર્મભડ સંકટ ભાજે, પ્રાતિહારજ આઠવીરાજે; અષ્ટમી દીનતપ તાજે. ૧. અષ્ટાપદ જિન વરનાં વદો, જેહને પ્રણમે અસુર સુરંદો; જસગુણ ગાએ નરિંદો વંછીત પૂરણ સુરતરૂ કંદો, નાવ ભગત ચંદો જિનચંદો, જિમ પામો આણંદો, અતિત અનાગને વર્તમાનો, ત્રીણચોવીસી બહોતેર માનો, તેહનો ધરીએ ધ્યાનો, પ્રહરઉઠી નિત કીજે માનો, દીન દીન વાધે અતિ ઘણો વાનો, અષ્ઠમી દીન સુપ્રધાનો,. ૨. સુખદાઇ જિનવરની વાણી, ભાવ સહીત એ ઉલટ આણી, તેની સુણો ભવિપ્રાણી, મદમઠ રહરવેસ પરાંણી, સરસ કોમળ સુધા સમાણી, અભિનવ ગુણમણી ખાંણી,

ચાદ પુરવને અંગ ઇગ્યાર, દસ પઇનાં ઉપાગહ બાર, છછો મુલ સુત્રચાર, નંદીને અનુંજોગ દ્વાર, એ સવિ સમયતણું અધિકાર, અષ્ટમી દીનસુ વિચ્યાર. ૩. ચંદ્રપ્રભુ જિન સેવક જક્ષ, વિજય નામેજ છે પરતક્ષ, સમકિત ધારીદક્ષ, ચઉવીહ સંઘતણી જે લક્ષ, તસકામીતદેવે સુરવૃક્ષ, વારે વિઘન વિપક્ષ, અષ્ટ મહાસીધી ભોગ અપાર, અષ્ટ દિવસેં કિરતિ વિસ્તાર સકલ સજન પરિવાર, અસરણ અબલ, દીન આધાર, રાજ રત્ન વાચક સુખકર અષ્ટમી પોસહસાર. ૪. ઇતિ શ્રી અષ્ટમી જિન સ્તુતિ સંપૂરણમ શુભં ભવતું.

કુમતી ઉથાપકનો સ્તવન.

ભરતાદીક ઊધારજ કીધો શ્રી સેત્રુંજા મુજાર ॥ સોના તણાં જ્યાં દેરા કરાવ્યા રતન તંણા બીંબ થાપ્યા હો કુંમતી કયાં જીન પ્રતમાંરે ઉથાપી હો કુંમતી આંકણી. વીરપ છે. બસેં નેવું વરસે સંપતીરાય સુ જાણો સવાલાખ પ્રસાદ કરાવ્યા સવાક્રોડ બીંબ થાપ્યા હો કુંમતી ॥ ૨ ॥ ધ્રુપદીએ જીન પ્રતીમા પુજી સુત્રમાં સાખ ઠેરાણી છઠે અંગે તેવીરે ભાખ્યો ગણધરપુરે સાખ હો કુંમતી ॥ ૩ ॥ સંવત નવસે સતાણું વરસે વીમલ મંત્રીસર જેઓ આબુ તણા જેણે દેરાં કરાવ્યાં બે હજાર બીંબ થાપ્યા હો કુંમતી ॥ ૪ ॥ સંતવ અગયાર નવાણું વરસે રાજા કુમારપાલ જેઅ પાંચ હજાર પ્રાસ રાવ્યાં સાત હજાર બીંબ થાપ્યા હો કુંમતી ॥ ૫ ॥

સંવત બાર બઉતેર વરસે સંઘવી ધનો તેહ રાણકપુરનાં દેરાં કરાવ્યાં કોડ નવાણું દ્રવ ખરચ્યો હો કુંમતી ॥ ૬ ॥ સંવત બાર પંચાણું વરસે વસ્તપાલ તેજપાલ આબુ તણાં જેણે દેરાં કરાવ્યાં અગીયાર હજાર બીંબ થાપ્યા હો કુંમતી ॥૭॥ સંવત તેરએકોતેર વરસે સમરો સારંગ શેઠ ઉધાર પનરમો શ્રી શેત્રુંજે કીધો અગીયાર લાખ દ્રવ ખરચ્યો હો કુંમતી ॥૮॥ સંવત સોલ છઉતર વરસે બાદરસાને વાડે ઉધાર સોલમો શ્રી સેત્રુંજે કીધો કરમાસાયે જસ લીધો હો કુંમતી ॥ ૯ ॥ જીયાં જીન પ્રતીમા સરખી જાણો પુજો ત્રીવીધે તુમે પ્રાણીજીન પ્રતીમામાં સંદેહ ન રાખો વાજક જસની વાણી હો કુંમતી ॥ ૧૦ ॥

પારસનાથનો વિવાહલો.

પાસકુંવર મહેમાલીનો ગુણ મણી રયણ ભંડાર વીવાનો અવસર જીન તણો કઇએ અતી સુકમાલ—એ આંકણી. દુહો. હાંરે સુભ મંડપ તોરણ સોહે હાંરે જોતાં સુરનર મન મોહે હાંરે મળીયું ગાજન મનોહારે હાંરે રાય રાણી તણો નહી પાર. ગા. ૧ સજ્જન સંતોકી બેઉપરે અસ્વસેન ભૂપાલ સતી સણગારી સુંદરી પાસ કુંવર મહેમાચ્ય દુહો—હાંરે પાસ કુંવર ચડા વરઘોડે હાંરે સીરકુંપ ભર્યા બેઉ કોરે હાંરે કાને કુંડલને મુખ જોડે માનું રવી રસી આવ્યા દોડે, ગા ૨ દુહો—ચંપકવરણી સુંદરી નીલ વરણ પ્રભુ પાસ સોહીયે સુ

વર્ણ મુંદ્રીકા પાસ કુંવર મહેમાય હાંરે જીનવર મુખ સોહંતા બોલે હાંરે દીસે ઘણું ગ્રાકમ ગ્રોલે હાંરે પરણી પરભાવત્તી રાંણી હાંરે રુપે અપછરા ઇંદ્રાણી. ગા. ૩ દુહો—દેવ ઉતારે આરતી નરનારી ગુણ ગાયં આવ્યા અતી આડંબરે તોરણ શ્રી જીનરાય હાંરે જીન પરણીને નીજ ઘરે આવે હાં જાચક ને બહુ દાંન દેવરાવે હાંરે ગુણ ગાંધ્રપ ગાવે રંગે હાંરે દેવ કુસલને ઉલટ અંગે. ગા. ૪

શ્રી ગાયનો.

સહુ સભાજનો ઉપકાર આપનો
પધારી ધર્મકાજમાં વધારી પ્રીત તો કરો
જૈન ધર્મનાં રૂડાં કામો કરવાને સાવધાન
પણ આવા કામમાં મહેર કરીને મદદ કરો
મેહેરબાન સહુ. ૧
રાજનગરે મુની પધાર્યા મોહનલાલ મહારાજ
સાથે થાણા સાત લઈને આવ્યા મુનીરાજ સહુ. ૨
નરનારી સહુ ભેગા થઈને વધાવે મહારાજ
સહુ સ ઘને હરખ થયો છે વરત્યો જયજયકાર સહુ. ૩
કરજોડીને અરજ કરૂછું વંદુ વારંવાર
વિદ્યાર્થીને ભણવા કાજે ઉદ્યમ કરોને આજ સહુ. ૪
સરવે બાલક આજ મળીને માગે મુની પાસ
મહેર કરીને વિદ્યા આપો મુનીજી મહારાજ સહુ. ૫
પંથ સારો દેખાડો અમને કહીએ વારંવાર

સભા સમક્ષ અરજ કરૂં છું દાસનો છું દાસ સહુ.
મંદ બુદ્ધીથી સેવક કહેછે સુણજો સજન આજ
ભુલ ચુકની માફી માગુ સહુ સંઘની પાસ સહુ.

શ્રી.

ભુજંગી છંદ.

શુણો બાલકો ખ્યાલને દુર વારો
ભણી જ્ઞાનને શુદ્ધ વિદ્યા વધારો
તપાસી જુવો એહથી બુદ્ધિ તાજી
તથા માત પિતા થશે રાજી રાજી ૧
વિદ્યાથી અતિ લાગશે ધર્મ પ્યારો
વલી ધર્મથી અર્થ કેરો પસારો
મલે દ્રવ્યથી રાજ્યનો લાભ મોટો
રહે સુખનો કોઇ વાતે ન ટોટો ૨.
કરે હિત વિદ્યા પિતા જેમ પોતે
લીયે સાર માતા તરીકે જુવો તે
પ્રિયાની પરે જે અતિ સુખ આપે
વલી કર્મના પાસને ઝટ કાપે. ૩.
વિદ્યાથી વિહિનો નરો નૈવ રાજે
ભણો પ્રાણીયો પ્યારથી તેહ કાજે
ભણીને ભણાવી ધરો ગુણ સાર
બનો રાજ્ય હંશો પરે લોક પ્યારા. ૪.

ઇતિ સમાપ્ત.